Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# जैन धर्म प्रकाश.

जं कल्ले कायव्वं, तं अज्जंचिय करेहु तुरमाणा।
बहुविग्घो हु मुहुत्तो, मा अवरण्हं पडिक्खेह ॥ १ ॥

"જે કાલે કરવું હોય ( શુભ કાર્ય ) તે આજેજ અને તે પણ ઉતાવળે કર, કારણકે એક મુહૂર્ત્ત ( બે ઘડી ) પણ ઘણા વિઘ્નવાળું હોય છે, માટે બપોર સુધી પણ ખમીશ નહીં"
( વિલંબ કરીશ નહીં. )

પુસ્તક ૩૯ મું. ] ભાદ્રપદ -સંવત ૧૯૭૯. વીર સંવત ૨૪૪૯. [ અંક ૬ ઠ્ઠો.

## એથી ભલા.

સંગ્રાહક–રાજપાળ મગનલાલ વહોરા. રાજભુવન–ખાખરેચી.

જ્ઞાની થઇ વાતો કરી, જીવ ધર્મ બંધન મોક્ષની;
નહિ આચરણ રાખ્યાં રૂડાં, તો એથકી મૂર્ખો ભલા. ૧
જીવીને જીવાડ્યા નહિ બીજા, પોષ્યું કમાઈ પિંડને;
પરમાર્થ સાધ્યો નહિ જરા, તો એથકી મૂઆ ભલા. ૨
નાણું છતાં નહિ ભોગવ્યું, નહિ વાપર્યું સત્કર્મમાં;
ઉંડું દબાવ્યું ભોંયમાં. કંગાળ તો એથી ભલા. ૩
આંખો છતાં દેખ્યો નહિ, સત્પંથ નીતિનો રૂડો;
ચાલ્યા અનીતિ આદરી, તો એથકી અંધા ભલા. ૪
કામ નવ કીધાં મરદ-થઈને મરદને છાજતાં;
બ્હીના ફર્યા જુજ બાગતે, તો એથકી હીજડા ભલા. ૫
મિત્રો ઘણાના થઈ રહ્યા, નિજ સ્વાર્થકેરે કારણે;
સ્હાતા સહેતા નવ શિખ્યા, તો એથકી પત્થર ભલા. ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માણસ થઇને જીવનનો, ઉદ્દેશ શો જાણ્યું નહિ;
આંધા થઈ રખડ્યા બધે, તો એથકી ભૂસર ભલા. ૭

કર્તવ્યનાં સંભારણાં, બોલ્યા સહુની આગળે;
પોતે બજાવી ફરજ ના, તો એથકી ગર્દભ ભલા. ૮

શિક્ષક છતાં શિષ્યો ભણી, સદ્‌ભાવ રાખીને સદા;
ચારિત્રશાળી નવ કર્યા, ગોવાળ તો એથી ભલા. ૯

## અનિત્યભાવના.

ચતુરનર! શાને પંપાળે પુદ્‌ગલને ?
શાને પંપાળે પુદ્‌ગલને ?.....................................ચતુરનર૦
ભવ ભવ ધાર્યાં પોષ્યાં શરીરને, ત્યાગ્યાં સપાટે જળને;
નવીન ગ્રહ્યાં તન કંઈ કંઈ કર્મથી, અન્તે ભેળ્યાં અનળને....ચતુર૦
ચંદ્રકળા સમ ખીલે ક્ષણમાં, રીઝવે ભ્રમરીઓ કમળને;
અન્ય પળે કિન્તુ કરમાતાં, ખરી પડી લે ભૂમળને............ચતુર૦
માંસ રૂધિર ભરી ચામની થેલી, વૃદ્ધિ કરે અરિદળને;
નિજ નૃત્યે કરે આલસ ઘેલી, દૂર ધર્મપરિમળને............ચતુર૦
જળ પરપોટ વિદ્યુત્ ચમકારો, વિણસે પતાસું જળમેં;
નાશવંત મુસાફરખાનું, કાળ છોડાવે પળમેં....................ચતુર૦
રસ સુવાસિત મદન લુંટશે, સંગીત આતમબળને;
કોમળતા વધતાં તપ ઘટતાં, નહિ ચાખે શિવફળને............ચતુર૦
હિંસા ચોરી કપાય કરાવે, કાય કુકર્મી છળને;
ઇન્દ્રિયમસ્ત બની સદ્ધર્મથી, તોડે મનના વળને................ચતુર૦
અંગ નમાવી જંગ મચાવી, જીવન ધરી પળ વિપળને;
રસનાએ રટવા વીર ચોજી, આતમ કેરાં તત્ત્વ કળને........ચતુર૦
ધન્ય જીવન ધર્મધૂન લગાવી, વિષયથી વશ કર ખળને;
પત વન્હિ ફુંકી પાતિકડાં દહી, સુંદર શિવપુર ચલને........
ચતુરનર ! ના પંપાળ પુદ્‌ગળને.
" સુંદર "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રસ્તાવિક કાવ્યો.

એક ઘડી આધી ઘડી, આધીમેં પણ આધ;
કરીએ સંગત સંતકી, તો ઘટે કોટી અપરાધ.

\+ + + +

કહેના સો કછુ ઓર હે, કરના સો કછુ ઓર;
કહેના સો કરના નહિ, ઓ પ્રભુજીકા ચોર.

\+ + + +

સત્ય વસે જે શરીરમાં, સૂઝે સાચો વિચાર;
બુદ્ધિ પ્રકાશ વધે બહુ, અંતે થાય ઉદ્ધાર.

\+ + + +

સત્ય દયા તપ શૌચ એ, પાદ ધર્મના ચાર;
જેના હૃદયમાં એ વસે, ઉત્તમ એનો આચાર.

\+ + + ×

શક્તિ માફક કીજીએ, દાન પુન્ય વહેવાર;
અનૃતને દૂર રાખીએ, એજ ખરો આચાર.

\+ + + +

તારૂં ચિંતવ્યું ના કરૂં, મારૂં ચિંતવ્યું હોય;
અણચિંતવ્યું એવું કરૂં, જે તુજ ચિત્ત ન હોય.

× × × ×

કરજ કદી કરશો નહિ, કરજ કષ્ટની ખાણ;
કરજ મરદને દુઃખી કરે, માનો સત્ય પ્રમાણ.

\+ + + +

ઈશ્વર બૂરૂં જે કરે, તે સારાને માટ;
સમજી સજ્જન ઘો તજી, અંતરના ઉચાટ.

\+ + + +

સમજ સમજ મન માનવી, શીખ સજ્જનની રીત;
ષટ્ શત્રુને તજી દઇ, પ્રભુ સાથે કર પ્રીત.

\+ × + +

કામ ક્રોધ મદ લોભને, મોહ છોડી દે યાર;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમાં તારૂં નહિ વળે, એ છે દુઃખ દેનાર.

\+ + + +

સત્ય દયાને સ્થાન દે. કર ધાર્મિક વહેવાર;
જૂઠું કદી નવ બોલજે, તો સફળ થાય સંસાર.

\+ + + +

ચિન્તાથી ચતુરાઇ ઘટે, ઘટે રૂપ રંગ જ્ઞાન;
આવરદા આધી રહે, ચિન્તા ચિતા સમાન.

\+ + + +

કરજ મરદને આંટવે, રીબાવે દીન રેણ;
ભારે મારે ભારથી, દેણ ખરે દુઃખદેણ.

\+ + + +

વિદ્યાધનથી સુખ મળે, વધે માન સન્માન;
સમજ વધે પશુતા ટળે, વિદ્યા બહુ બળવાન.

\+ + + +

મળવા નીતિ નમ્રતા, ચપળપણું ચતુરાઈ;
પઢાવજો સહુ બાળકો, વિદ્યા જે વરદાઈ.

\+ + + +

વડી ટેવની વાત, ટળે નહી ટાળી સહી;
પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહિ.

\+ + + +

ફરતા ફરતી છાંયડી, કાળતણી ઘટમાળ;
શોક હરખ શાને કરો, જગની લહી જંજાળ.

\+ + + +

રાત્રે વહેલા જે સુઇ, વહેલા ઉઠે વીર;
બળ બુદ્ધિ ને ધન વધે, સુખમાં રહે શરીર.

\+ + + +

શુભ શીખામણ સમજીને, પ્રભુ સાથે કર હેત;
અંતે અવિચળ એજ છે. ચેત ! ચેત ! નર ચેત !

સંગ્રાહક–શિવશંકર રેવાશંકર ભટ્ટ.
શિવભુવન–ખાખરેચી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સમાજની ઉન્નતિ સમયોચિત કેળવણીનો પ્રચાર
## ઉદાર અને નિઃસ્વાર્થ ભાવે કર્યા વગર શી રીતે થઇ શકશે?

જિનેશ્વર પ્રભુએ એકાન્ત વિધિ-નિષેધ કરેલ નથી, એટલે આ કરવુંજ અને આ નજ કરવું એવું આગ્રહભર્યું કથન ભગવાને નથી કર્યું; પરંતુ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવ તપાસીને જે કરવું-આદરવું ઘટે કે જે તજવું-પરિહરવું ઘટે તે તો દંભ રહિત--સરલ ભાવે (નિષ્કપટપણે)જ આદરવું કે તજવું એવી પરમદેવ પરમાત્માની ખાસ આજ્ઞા લક્ષ્યમાં રાખવા યોગ્ય છે. તે તરફ દુર્લક્ષ્ય કરવું નજ ઘટે. ઉપરોક્ત આજ્ઞાને જ્યાં સુધી શુદ્ધ સરલ ભાવે અનુસરવામાં સહુ ચતુર્વિધ સંઘ-સાધુ સાધ્વી શ્રાવક ને શ્રાવિકાઓ સાવચેતી રાખતા હતા ત્યાં સુધી પ્રભુના પવિત્ર શાસનતંત્રને યથાશક્તિ ને યથાયોગ્ય અનુસરનાર ચતુર્વિધ સંઘ-સમાજ સારી ઉન્નતિવાળી સ્થિતિમાં બિરાજતો હતો-તેની બાહ્ય આંતરસ્થિતિ ઉન્નત ને અબાધિત હતી; પરંતુ જ્યારથી પ્રભુની એકાન્ત હિતકારી આજ્ઞા તરફ મોહ કે સ્વાર્થઅંધતાદિક અનેક ઔપાધિક કારણોથી દુર્લક્ષ થયું ને વધતું ગયું ત્યારથીજ સમાજની અવનતિ શરૂ થઈ અને તે ઉત્તરોત્તર વધતી ગઇ. શાસ્ત્રકાર ઠીકજ કહે છે કે 'પવિત્ર શાસ્ત્ર-આજ્ઞાને આગળ કરતાં વીતરાગ પ્રભુનેજ આગળ કર્યા લેખાય અને વીતરાગ પ્રભુને આગળ કરીને-સન્મુખ રાખીને પ્રત્યેક કાર્ય કરે તેમને નિયમા સર્વ કાર્યની સિદ્ધિ થાયજ.' એથી ઉલટી દિશાએ સ્વચ્છંદતાવશ ચાલતાં પગલે પગલે સ્ખલના થવાથી કાર્યની હાનિજ થવા પામે. જે સંઘ-સમાજ પ્રથમ ભારે ઉન્નતિ પદે બિરાજતો હતો તે સંઘ-સમાજ સાવ અવનતિના ખાડામાં પડી પાયમાલ થાય છતાં તેના ગણાતા અગ્રેસરો-નાયકો તેની અવનતિનાં ખરાં કારણો તપાસવા અને તે બનતી તાકીદે દૂર કરવા કશી પરવા ન કરે-ઉપેક્ષા કરે તે તેમને કેટલું બધું લજ્જાસ્પદ લેખવા યોગ્ય છે? અત્યારે જ્યાં ત્યાં સંઘ-સમાજના ગણાતા નાયકોમાં સત્તાપ્રિયતા વધી ગયેલી હોય છે, તેથીજ બહુધા તેઓ નથી કોઇને નમાણું આપી શકતા ને નથી કોઈ નિઃસ્વાર્થ સેવાકારકોની નિઃસ્વાર્થ સેવાને પણ સ્વીકારી શકતા, કે નથી તેમનાં હિતવચનોની પણ કશી પરવા કરતા. આવી સ્થિતિનું પરિણામ શું આવે તે સહૃદય સજ્જનો તો સહેજે સમજી શકેજ.

વર્તમાનકાળે જ્યાં ત્યાં આપણી સમાજમાં ખર્ચાતો અઢળક પૈસો ઘણેભાગે વાહ વાહ પોકરાવવાની ખાતર પોતાને મનગમતે માર્ગે ખર્ચાય છે. હવે તો તેવે ખોટે માર્ગે પૈસો નહીં ખર્ચતાં આપણાં સંતાનોને સમયોચિત ઉત્તમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકારની વ્યવહારિક નૈતિક અને ધાર્મિક કેળવણી એક સાથે મળે એવો વિવેક-સર પ્રબંધ કરવામાં તે ખર્ચાવો જોઇએ. આપણામાં આરોગ્યતા સાચવવા જેટલું ભાન પણ આવતું નથી; તેથી મોટો ભાગ અનેક પ્રકારના રોગોથી પીડાય છે. તેવા રોગી-દુઃખી જનોનું દુઃખ નિર્મૂળ કરવા કોને ખરી લાગણી છે ? એનાં મૂળ કારણોની તપાસ ખાત્રીપૂર્વક કરી કરાવી કાયમને માટે તેમનાં દુઃખ દૂર થાય તેવી ખરી લાગણી પ્રગટાવવી જોઇએ. નકામાં આડાં ખર્ચો અટકાવી દ્રવ્યને સન્માર્ગે લગાવવુંજ હોય તો તેવાં અનેક પુન્યમાર્ગો છે. સમયોચિત ખરી કેળવણીના યોગે એ બધું સમજી શકાશે. સમાજનું કોઇ કુટુંબ દુઃખી ન રહે એવી લાગણી રાખી સહુએ પોતપાતાની ( ઉચિત ) ફરજ બજાવવા મંડી પડવું જોઇએ. **ઇતિશમ.**

**સ. ક. વિ.**

# દેહ મન ને ઈન્દ્રિયના દમનથી થતા અનેક લાભ.

૧ શુદ્ધ હવા પાણી અને અન્ન લેવા સાથે સ્વઆરોગ્ય ટકાવી રાખવા. માટે સહુ કોઇને પોતાને ફાવે તેવી એટલે બની શકે તેવી જાતમહેનત કરીને કે જરૂરી પ્રસંગે પગે ચાલીને શરીરને કસવાની ભારે જરૂર છે.

૨ બહુ દિવસો સુધી અંગકસરત કર્યા વગર કદાચ ચાલે છે-શરીર નભી શકે છે ખરૂં, પણ નિરોગી રહી શકતું નથી, તેથીજ પ્રકૃતિને માફક આવે એવી ગમે તે જાતની અંગમહેનતની આરોગ્ય સાચવવા માટે ખાસ આવશ્યકતા રહે છે. ખરી અંગમહેનત કરવાથી મન પણ પ્રસન્ન રહે છે, એટલે મગજનું કામ પણ સારૂં થઇ શકે છે, તે વગર મગજ ઠીક કામ કરી શકતું નથી.

૩ જેમ લોહ-લોઢું પડયું પડયું કટાઇ-ખવાઇ જાય છે તેમ શરીર પણ જાતમહેનત વગર-અંગકસરત કર્યા વગર અનેક જાતનાં રોગોનું સ્થાન બની વિનાશ પામે છે. અંગકસરત-જાતમહેનત એક અચ્છા પૌષ્ટિક ખોરાક જેવી ગરજ સારનાર નીવડે છે.

૪ શુદ્ધ અન્ન જળ સાથે ખુલ્લી હવા-ચોખ્ખી હવામાં અંગ કસરત કરનારનું આરોગ્ય આબાદ ટકી રહે છે.

૫ જાતમહેનતથી પાચનશક્તિ ઠીક ઠીક બની રહે છે.

૬ ખુલ્લા પગે ખુલ્લી હવામાં અનેક વ્યવહારિક પ્રસંગે જાતે જવા આવવાની ટેવ રાખવાથી સહેજે અંગકસરતનો લાભ મળી શકે છે. તેથીજ શૌચાદિક અર્થે જેમ બને તેમ બહાર ખુલ્લી હવામાં જવાનો અભ્યાસ રાખવો સહુને માટે સુખાકારી લેખાવો જોઇએ.

૭ પાયખાનાદિક અશુચિસ્થાનોમાં કાયરતાથી શૌચ અર્થે જનારની તબી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યત બગડવાનો વધારે સંભવ છે.

૮ બીજાં પણ આવશ્યક (જરૂરનાં) કામ બને ત્યાં સુધી બીજાને આધારે નહીં છોડતાં જાતેજ કરવાની ટેવ પાડવાથી શરીરમાં સારી સ્ફૂર્તિ-જાગૃતિ રહે છે અને કામ પણ ધારેલા વખતે નિયમિત બની શકે છે. બીજાને તો અણુ-છુટકેજ કામ બતાવવાં જોઇએ. બીજાના આધારેજ રહેનારનાં કેટલાંક કામ અધુરાં રહેવાથી કે અનિયમિત થવાથી પોતાને ઠીક સંતોષ મળતો નથી.

૯ શ્રીમંતાદિક જેઓ હર કંઇ કામ પરના આશ્રયથીજ કરવાનું રાખે છે તેઓનાં શરીર સાવ નાજુક-માંદલાં જેવાં રહે છે. તેમને ઘણે ભાગે પાચનક્રિયા મંદી રહેલી હોવાથી અનેક જાતની ઉત્તેજક દવાઓ લેવી પડે છે. તેમાં પુષ્કળ દ્રવ્યનો વ્યય કરવા છતાં તેમની તબીયત ઠીક રહી શકતી નથી. બદહજમીની ફરિયાદ તેઓની કાયમ રહ્યા કરે છે. જાતમહેનત કરવાની ટેવ પાડવાથી તેમની એ બધી ફરિયાદનો પ્રાયે અંત આવી જાય છે. જાતિઅનુભવથી તેની ખાત્રી કરી શકાય છે.

૧૦ દરેક ધાર્મિક કરણી યથાવિધિ સાવધાનતાથી કરવાવડે સુજ્ઞ ભાઈ બ્હેનો ધારે તો અંગકસરતનો અપૂર્વ લાભ સહેજે મેળવી શરીરઆરોગ્ય સાચવી શકે છે.

૧૧ **પદ્માસનાદિક** ધ્યાનનાં આસનોનો અભ્યાસ-મહાવરો રાખવાથી અને શુદ્ધ દેવગુરૂના ઉત્તમ ગુણોનું ધ્યાન એકાગ્રતાવડે કરવાથી મન ને પવનનો જય થવાને લઇને તન મનની શુદ્ધિ થતાં પ્રસન્નતા વધે છે.

૧૨ ચિત્તની પ્રસન્નતા બની રહેવાથી અનેક લાભ થાય છે, રોગો ટળે છે, નવા રોગ થતા નથી અને આત્માનું સહજ સ્વાભાવિક સુખ અનુભવાય છે. નકામા સંકલ્પ વિકલ્પો શુભ ધ્યાનબળથી શમાવી દેવાથી એ અપૂર્વ ફળ મળે છે.

૧૩ શુભ ધ્યાનની પુષ્ટિ માટે ઉપવાસાદિક બાહ્ય તપની પણ ખાસ જરૂર છે. ખોટી લાલચો તજવાથી એ સહેજે બને છે. **સ. ક. વિ.**

# શરીર આરોગ્ય સાચવવા બ્રહ્મચર્ય પાળવાની ભારે અગત્ય.

૧ લોહી માંસાદિક શરીરની સાત ધાતુઓમાં **વીર્ય** એ સહુથી ચઢિયાતી ને ઉપયોગી ધાતુ શરીરના આરોગ્યને ખાસ કરીને ટકાવી રાખનારી તથા પુષ્ટિ આપનારી છે.

૨ વીર્યને શરીરના રાજા તરીકે વ્યવહરવામાં આવે છે. તેની અનહદ કિંમત છતાં તેને પુરી કાળજીથી સાચવી રાખવાનું અને તેનો સારામાં સારો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપયોગ કરવાનું સદ્ભાગ્ય જેને પ્રાપ્ત થયું હોય કે થાય તેઓનો જન્મ સાર્થક-સફળ લેખાય.

૩ સ્વવીર્યસંરક્ષણની કિંમત જે સારી રીતે સમજતા હોય તેમણે તેના ખરા ઉપાય રૂપ બ્રહ્મચર્ય પાળવામાં કસર રાખવી ન ઘટે. મન અને ઇન્દ્રિયોને લગામમાં રાખવાના સતત્ અભ્યાસથી તેનો લાભ મળી શકે છે. સ્વવીર્યસંરક્ષણથી અનેક ઉત્તમ લાભ મેળવી શકાય છે અને અણમોલા વીર્યનો નાહક વિનાશ કરી દેવાથી-તેવી કુટેવથી અનેક ઉત્તમ લાભો ગુમાવાય છે. અનુભવ કરી જોવાથીજ એ વાત હસ્તામલકની જેમ સુપ્રતીત થઈ શકે એમ છે.

૪ બેહદ વિષયભોગની લાલસાથી પાશવવૃત્તિનું સતત્ સેવન કરનારના જે હાલહવાલ થાય છે તે જોઇ-જાણીને પણ સુજ્ઞ જનોએ સવેળા ચેતીને ચાલવું ઘટે છે. સહૃદય જનોને એથી વધારે શું કહેવું ?

૫ પાશવવૃત્તિનું કાયમ સેવન કરનારા અનેક આકરા ક્ષયાદિક રોગોને જાતેજ વ્હોરી લે છે. તેવા મૂઢજનોને જવલેજ સંતતિ થવા પામે છે. અને જો કદાચ થાય છે તો તે સાવ તકલાદી-સત્ત્વ વગરની-નમાલી હોઇને બહુધા બીજાને ઉપયોગી થવાને બદલે બોજારૂપ થાય છે અને વળી વારસામાં માતપિતાને લાગુ થયેલ ક્ષયાદિક રોગથી પણ પ્રાયે બચવા પામતી નથી. આવી ભારે હાનિ સ્વચ્છંદતાથી વીર્યનો વિનાશ કરવાવડે થાય છે.

૬ સામાન્ય રીતે પુત્રના શરીરનો બાંધો ૨૫ વર્ષે અને પુત્રીનો ૧૬ વર્ષે બંધાઈ રહે છે. તે પહેલાં તેમની કાચી વયે કેવળ મોહવશ લગ્ન કરી દેવાં સુજ્ઞ અને હિતસ્વી માબાપોને લાજમ નથી.

૭ કાચી વયે કાચો બાંધા છતાં લગ્ન થવાથી અનેક પુત્રપુત્રીઓ અકાળે મૃત્યુવશ થાય છે, ત્યારે માતપિતા પસ્તાય છે ખરા પણ તેવો નકામો પસ્તાવો કરવાથી વળે શું ? બગડી કંઈ સુધરી શકે ખરી ? નહીંજ. પાણી પીધા પછી ઘર પૂછવાથી શું વળે ?

૮ આટઆટલું વીતવા છતાં મૂઢજનોની આંખો ઉઘડતી નથી. પકડેલું ગદ્ધાપુંછ તેઓ તજતા નથી અને ઉન્માદવશ પોતાની પ્રજાની જીંદગી ધુળધાણી કરી નાંખે છે. છતાં વળી તેમાં બહાદુરી સમજે છે તે શરમની વાત છે.

૯ મજબૂત, નિરોગી, સુખી, પ્રતાપી ને સદ્ગુણી પ્રજા પેદા કરવા ઇચ્છતા દરેક માતપિતાએ જાતેજ બ્રહ્મચર્યના અગણિત લાભ વિચારી જેમ બને તેમ ટેક રાખી દૃઢતાથી તેનું લાંબો વખત પાલન કરી સ્વવીર્યનું સારી રીતે સંરક્ષણ કરવા પ્રથમથીજ ટેવાવું જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૦ બ્રહ્મચર્યના ઉત્તમ નિયમોનું પરિપાલન કરવાથી શરીર સ્વાસ્થ્ય, ચિત્તની પ્રસન્નતા, શૌર્ય, ઉત્સાહાદિક અનેક ઉત્તમ લાભ અહીંજ સાંપડે છે અને અનેક રીતે પરમાર્થ માર્ગે સ્વવીર્યનો સદુપયોગ કરવાથી ઉત્તમ ગતિ યા સદ્‌ગુણુના પ્રકાશવડે આત્મઉન્નતિ સાધી સ્વપર ઉપકારક બની આ દુર્લભ માનવભવ લેખે કરી શકાય છે. ઇતિશમ્ સ. ક. વિ.

# प्रश्नोत्तर.

( પ્રશ્નકાર-શા. હાથીભાઇ મોતીચંદ-ઓરપાડ )

પ્રશ્ન—૧ ચરવળો ને ઓઘો એ શબ્દોના મૂળ ધાતુ કયા? ને તેનો વ્યુત્પત્તિ સાથે અર્થ શું?

ઉત્તર—ચર વસ્તુ-જંગમ વસ્તુને વાળનાર-દૂર કરનાર હોવાથી ચરવળો શબ્દ થયેલ લાગે છે. આ કલ્પનાથી કરેલ અર્થ છે. તે શબ્દ પણ શુદ્ધ ગુજરાતી જણાતો નથી. ઓઘો-ઓઘ કહેતા સમૂહ-ઉનની દશીઓનો સમૂહ, તે ઉપરથી ઓઘો કહેવાય છે. બાકી તેનું મૂળ નામ તો રજોહરણ છે. તેને ઋષિધ્વજ અથવા ધર્મધ્વજ પણ કહેવામાં આવે છે.

પ્રશ્ન—૨ શ્વેતાંબરના સાધુઓ ઓઘો રાખે છે ને દિગંબરના બ્રહ્મચારીઓ મોરપીંછ રાખે છે. એવો ભેદ પડવાનું કારણ શું? એવો ભેદ કયારથી પડ્યો અને તેમાં યોગ્ય શું છે?

ઉત્તર—દિગંબર પક્ષ જ્યારથી ઉત્પન્ન થયો છે ત્યારથી મોરપીંછજ રાખે છે. ભેદ પડવાનું કારણ કોઈપણ પ્રકારે જુદો દેખાવ કરવો તેજ જણાય છે. સૂત્રોમાં તો બધે રજોહરણ શબ્દજ આવે છે અને તે ઓઘા સાથે બંધબેસ્તો છે. ( અવાવરૂ જગોમાં ) જીવદયા પણ ઓઘા જેટલી મોરપીંછથી પળી શકતી નથી. રજોહરણવતી સુખે ભૂમિશુદ્ધિ કરી શકાય છે, તેથી અમને તો ઓઘો રાખવો તેજ યોગ્ય લાગે છે.

પ્રશ્ન—૩ દરેક પ્રભુના યક્ષો જુદા જુદા હોય છે. તેમની બધી પ્રતિમાજીના એકજ યક્ષ કે જુદા જુદા? યક્ષને અધિષ્ટાયિકમાં કાંઈ ફેર છે? તે યક્ષની ફરજ શું છે?

ઉત્તર—એક પ્રભુના જેટલા બિંબ હોય તે સર્વનો જેમ પાર્શ્વનાથનો પાર્શ્વયક્ષ છે તેમ એકજ યક્ષ સમજવો. ( યક્ષની જેમ એક યક્ષિણી પણ અધિષ્ટાયિકા હોય છે. ) યક્ષને અધિષ્ટાયિકમાં કાંઇ ફેર નથી. યક્ષની ફરજ તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુના ચૈત્યનું, તીર્થનું રક્ષણ કરવું-તેનું મહત્વ વધારવું અને તેના શાસનના સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા વિગેરેના વિઘ્નો નિવારવા એ છે.

પ્રશ્ન—૪ કેટલાક દેરાસરના બહારના ભાગમાં માણિભદ્ર યક્ષની સ્થાપના હોય છે તે કોણ છે? તેણે શું કાર્ય કરેલ છે? અત્યારે તેની સેવાપૂજા શા કારણે કરવામાં આવે છે?

ઉત્તર—માણિભદ્ર યક્ષસંબંધી તેના છંદમાં વિસ્તારથી હકીકત છે. તે છંદ વાંચી જોવો, છપાયેલ છે. તે દેવસુર તપગચ્છના અધિષ્ઠાયક છે. તેની ભક્તિ સ્વામીભાઇ તરીકે કરવામાં આવે છે. તેણે પૂર્વે બહુ ચમત્કાર બતાવેલ છે.

પ્રશ્ન—૫ દાદાસાહેબના પગલાં ઘણી જગ્યાએ હોય છે તે કોના છે? બધા દાદાસાહેબ એકજ હોય છે? કેટલાક મુનિ તેને માને છે, કેટલાક માનતા નથી તેનું શું કારણ? તેની પૂજા કરી શકાય? તેની પાસે પૂજા ભણાવી શકાય?

ઉત્તર—દાદાસાહેબ તરીકે ખરતરગચ્છી તો શ્રી જિનકુશળસૂરિ ને જિનદત્તસૂરિને માને છે. તેઓ તેના પગલાં સ્થાપે છે. બીજા તપગચ્છ વિગેરે ગચ્છવાળા પોતપોતાના ગચ્છમાં થયેલા વૃદ્ધ મુનિ અથવા યતિના પગલાં સ્થાપે છે, ને તેને દાદાસાહેબ કહે છે. તે દરેક ગામમાં જુદા જુદા હોય છે ને કેટલાકમાં એક પણ હોય છે. તેની સેવાપૂજા થઇ શકે. પૂજા ભણાવવી હોય તો પ્રભુ પધરાવીને ભણાવી શકાય. કેટલાક મુનિઓ યતિના પગલાં હોય તો તેને દાદાસાહેબ તરીકે માનતા નથી કે નમસ્કાર કરતા નથી.

પ્રશ્ન—૬ ઘંટાકર્ણ મંત્ર તે શું છે અને તે જપવાથી શું ફાયદો થવાનો સંભવ છે?

ઉત્તર—ઘંટાકર્ણ નામનો યક્ષ મહાવીરસ્વામીનો ભક્ત છે. મહાવીર પ્રભુની ભક્તિથી તે પ્રસન્ન થાય છે. તેથી પૂર્વાચાર્યોએ તે મંત્ર રચ્યો છે. તેના જાપથી ઐહિક ને આમુષ્મિક અનેક પ્રકારના લાભ થાય છે.

પ્રશ્ન—૭ જયતિહુઅણ સ્તોત્ર તથા ઋષિમંડળ સ્તોત્રની ભાષા કઇ છે? તેના કર્ત્તા કોણ છે? તે મંત્રરૂપ છે? તેના જાપથી શું લાભ થાય છે?

ઉત્તર—જયતિહુઅણ સ્તોત્ર પ્રાકૃત ભાષામાં છે. શ્રી **અભયદેવસૂરિ** મહારાજનું રચેલું છે. ઋષિમંડળ સ્તોત્ર સંસ્કૃત છે. એના કર્ત્તા શ્રીગૌતમસ્વામી છે એમ તેના એક શ્લોકમાં કહેલ છે પણ તે કૃત્રિમ લાગે છે. એના શ્લોક ૬૩ છે, ૬૬ છે, ૭૬ પણ છે. કેટલાકમાં કર્ત્તાનું નામ નથી અને જેમાં છે તે પ્રક્ષેપ સમજાય છે. એ બંને સ્તોત્રો પ્રભાવિક છે. એના જાપથી પરમાત્માની ભક્તિ થાય છે, અને ઐહિક આમુષ્મિક અનેક પ્રકારના લાભ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રશ્ન—૮ ચક્રેશ્વરી વાઘેશ્વરી વિગેરે દેવીઓને શાસનની રક્ષક તરીકે માનવામાં આવે છે તેણે શાસનના હિતનાં શું કાર્યો કર્યાં છે ?

ઉત્તર—એ બંને દેવીઓ શાસનના હિતમાં તત્પર રહેલી કહેવાય છે. તેમણે અગાઉ શાસનહિતનાં અનેક કામો કરેલા છે. ચક્રેશ્વરીએ સિદ્ધાચળ ઉપર થતા અન્ય વ્યંતરાદિ ઉપદ્રવો દૂર કર્યા છે. એ ઋષભદેવની તેમજ સિદ્ધાચળ તીર્થની અધિષ્ઠાયિકા-તેમના પર પ્રેમવાળી છે. તેણે શ્રીપાળરાજાને પણ સહાય કરી છે. બીજી દેવીઓએ પણ ઘણાને સહાય આપેલી છે.

પ્રશ્ન—૯ દરેક દેરાસરમાં મૂળનાયકજીની ગાદી નીચે દેવીઓની મૂર્ત્તિ કરવામાં આવે છે, તે મૂર્ત્તિ કોની હોય છે? તેને માતા કેમ કહેવાય છે? કેટલાક દેરાસરમાં એવી રીતે દેવીઓની સ્થાપના હોતી નથી તેનું શું કારણ?

ઉત્તર—મૂળનાયકની ગાદી નીચે દેવી કરવામાં આવે છે તે દેવી તે પ્રભુની પરમ ભક્ત, અધિષ્ઠાયિકા અને તેમના સેવકોના સંકટને હરનારી હોય છે. તે આપણું માતાની જેમ રક્ષણ કરે છે તેથી તેને માતા કહેવામાં આવે છે. ઘણું કરીને દરેક શિખરબંધ દેરાસરમાં મૂળનાયકની અધિષ્ઠાયિકાની મૂર્ત્તિ ગાદી નીચે અથવા બીજે હોય છે—હોવી જોઈએ. કોઇ જગ્યાએ ન હોય તો તેટલી ખામી સમજાય છે.

પ્રશ્ન—૧૦ હાલમાં સાધુઓની અને આચાર્યોની આરસની મૂર્ત્તિઓ કરાવીને સ્થાપવાની પ્રવૃત્તિ વધારે ચાલી છે, તેની પૂજા પણ કરવામાં આવે છે, તેમાં કાંઇ શાસ્ત્રવિરૂદ્ધ છે ?

ઉત્તર—એમાં શાસ્ત્રવિરૂદ્ધ તો કાંઈ નથી, પરંતુ એવી પ્રવૃત્તિ વધવાથી રાગદશાને લીધે ગુણી કે નિર્ગુણી ગમે તેની મૂર્ત્તિઓ કરાવવાનું થશે, એટલે સદ્‌ગુરૂનીજ મૂર્ત્તિઓ હોવી જોઇએ એવી મર્યાદા જળવાશે નહીં એમ લાગે છે. એવી મૂર્ત્તિઓ દેરાસરમાં પધરાવવાનું તો ન થાય એ ઇચ્છવા યોગ્ય છે; કારણ કે એમ થવાથી પરમાત્માની ભક્તિમાં પણ અલ્પાદર કે અનાદર થવાનો સંભવ છે. તેમજ પછી ગમે તેની મૂર્ત્તિ ગમે ત્યાં પધરાવાનું બનશે, વ્યવસ્થા રહેશે નહીં.

પ્રશ્ન—૧૧ પર્યુષણપર્વ તરીકે આઠજ દિવસ અને તેમાં પણ ૪ દિવસ શ્રાવણના ને ૪ ભાદરવાના નિર્માણ કર્યા છે, તેનું કાંઈ ખાસ કારણ છે?

ઉત્તર-શાસ્ત્રમર્યાદા મુજબ **પર્યુષણની અઠ્ઠાઇ**ના આઠે દિવસો ભાદરવાનાજ લેખાય છે. તેમાં પ્રથમ વદિ અને પછી શુદિ આવે છે. ગુજરાતી પંચાંગમાં શુદિ પ્રથમ ગણાય છે, તેથી તેવો ભેદ લાગે છે તે વાસ્તવિક નથી. બીજી શાશ્વતી બે અઠ્ઠાઇઓની પેઠે **પર્યુષણની-સંવત્સરી સંબંધી અઠ્ઠાઇની** મર્યાદા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્રમજી લેવી. પર્યુષણપર્વના આ પ્રમાણેના આઠ દિવસ નિર્માણ કરવાનું ખાસ કારણ અમારા જાણવામાં નથી. કેટલીક જગ્યાએ તે અઠ્ઠાઈ પણ શાશ્વતી કહ્યાનું જાણ્યું છે. બાકી આઠની સંખ્યા તો જિનજન્મકલ્યાણકાદિના મહોત્સવો બધા આઠ દિવસ પર્યંત ઇંદ્રાદિક દેવો નંદીશ્વર દ્વીપે જઇને કરે છે તેથી રાખેલી છે.

પ્રશ્ન—૧૨ પર્યુષણ પર્વમાં પ્રથમ ૩ દિવસ અન્ય વ્યાખ્યાન, પછીના ૫ દિવસ કલ્પસૂત્રનું વ્યાખ્યાન અને છેલ્લે દિવસે કલ્પસૂત્ર મૂળ (બારશે) વાંચવામાં આવે છે તેનું કાંઈ ખાસ કારણ છે?

ઉત્તર—સ્થવિર કલ્પીના દશ પ્રકારના કલ્પમાં પર્યુષણ કલ્પ છે અને તે દિવસોમાં પૂર્વપુરૂષોથી ઉપર પ્રમાણેજ વ્યાખ્યાન વંચાય છે. કલ્પસૂત્રની ટીકાના પ્રારંભમાં એ વિષે સ્પષ્ટતા કરેલી છે તે વાંચી જોવી.

પ્રશ્ન—સંવચ્છરી પર્વ પ્રથમ પંચમીનું હતું તે શ્રી કાળિકાચાર્ય મહારાજથી ચતુર્થીનું પ્રવર્તે છે, તેનું શું કારણ?

ઉત્તર—આ બાબત આજસુધીમાં ઘણી ચર્ચાઓ અને નિર્ણયો થઈ ગયા છે, તે સંબંધી નાના નાના ગ્રંથો પણ લખાણા છે, તેથી હવે ફરીને તે બાબત ચર્ચા ઉભી કરવાનું કારણ નથી. આપણે તો પૂર્વપુરૂષોને પગલે પગલે ચાલવું યોગ્ય છે. એમાંજ આપણું કલ્યાણ છે.

પ્રશ્ન—૧૪ મહાવીરસ્વામીના ગર્ભાપહારની બાબતમાં કેટલાક એમ કહે છે કે—એ હકીકત બ્રાહ્મણોને હલકા પાડવા માટે જોડી કાઢેલી છે. તમારૂં એ બાબતમાં શું ધારવું છે?

ઉત્તર—એ વાત જોડી કાઢેલી નથી, બનેલીજ છે અને બ્રાહ્મણને હલકા પાડવાનો હેતુ એમાં નથી, પરંતુ તીર્થંકર જેવાને પણ બાંધેલાં કર્મો ભોગવવા પડે છે એ સિદ્ધ કરવાનો એમાં હેતુ છે. અને તે હકીકત એથી સિદ્ધ થાય છે.

પ્રશ્ન—૧૫ જૈનદર્શનના કર્મવાદના સિદ્ધાંતને માનનારાઓને દેવ દાનવ તથા ગ્રહ નક્ષત્રાદિકે કરેલી લાભ હાનિ, સુખ દુઃખ, ઉપદ્રવ ને તેનું નિવારણ વિગેરે માનવા યોગ્ય છે? આપણને આ ભવમાં જે લાભ હાનિ વિગેરે થાય છે તે પૂર્વકર્મજન્ય થાય છે કે ગ્રહદિશા તેમાં કારણભૂત છે? જૈનધર્મમાં જ્યોતિષના ગ્રંથો છે?

ઉત્તર—જૈનદર્શની ખાસ કરીને પૂર્વકર્મજન્ય લાભ હાનિજ માને છે. ગ્રહદશા માત્ર શુભ કે અશુભની સૂચક છે, લાભ હાનિ કરનાર નથી. તેમજ જેને દેવ દાનવથી ઉપદ્રવ થવાનો હોય તેને માટે દેવ દાનવાદિ પણ નિમિત્ત કારણ થાય છે; પરંતુ તેઓ આપણને અશુભ કર્મનો ઉદય થવાનો હોય તોજ દુઃખ આપી શકે છે ને શુભનો ઉદય થવાનો હોય તોજ સુખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપી શકે છે. કેટલીક વખત બળવાન્ નિમિત્તને માણુસો કર્ત્તા તરીકે ગણે છે, જૈનશાસ્ત્ર તેમ કહેતું નથી. જૈનધર્મમાં જ્યોતિષના ગ્રંથો મુહૂર્ત્તાદિક અનેક ઉપયોગી કાર્યો માટે બનાવેલા છે.

પ્રશ્ન—૧૬ જૈનદૃષ્ટિએ સ્વર્ગ અને નર્ક એ ચોક્કસ સ્થાનો છે કે અત્યંત સુખ દુઃખની પ્રાપ્તિના સ્થાનોને તેવી ઉપમા આપેલી છે?

ઉત્તર—સ્વર્ગ અને નર્ક એ ખાસ સ્થાનો છે, અને તેને ખાસ જુદી ગતિ તરીકે કહેલ છે. પ્રબળ પુણ્ય અને પાપનાં તીવ્ર ફળ ભોગવવાનાં તે સ્થાનો છે. તેનું વર્ણન ઘણું વિસ્તારથી જૈનશાસ્ત્રમાં કરેલું છે.

પ્રશ્ન—૧૭ સિદ્ધાચળ ઉપર અંગારશા પીરની કબર કરેલી છે, તે કયારે અને કોણે તેમજ શા માટે કરેલી છે? સંઘ કાઢીને આવનાર સંઘપતિ તે કબરપર ઓઢાડવાની ચાદર મોકલે છે તેનો હેતુ શો છે?

ઉત્તર—આપણો એક મુસલમાન સીપાઈ એ ડુંગર ઉપર મરણ પામેલો તે ત્યાં વ્યંતર થયેલો. તેના તરફથી ઉપદ્રવ ન થવા માટે અને તે સહાયક થાય તેટલા માટે એની કબર ચણાવવામાં આવી છે એમ કહેવાય છે. તે કયારે થઈ તેની ખબર નથી. સંઘપતિ ઉપદ્રવ નિવારણાર્થેજ ચાદર મોકલે છે.

પ્રશ્ન—૧૮ લોટરીના પૈસાથી પાંજરાપોળ ચલાવવામાં કાંઇ બાધક છે? એ પૈસો સટ્ટાની જેવો અથવા અન્યાયોપાર્જિત કહેવાય? અનેકના ભોગે એકને લાભ મળે એ અન્યાય કહેવાય કે નહીં?

ઉત્તર—લોકોનું લોટરીની ટીકીટ લઈને તેનાથી લાભ મેળવવાનું વલણ થવાથી તેને સન્માર્ગ તરફ દોરવવા માટે પાંજરાપોળ વિગેરે ધર્માદા ખાતાના લાભાર્થે લોટરી કાઢવાની પ્રવૃત્તિ શરૂ થયેલી છે. એ પૈસો સટ્ટાની જેવો જેને મોટું નાનું ઈનામ મળે તેને માટે છે. બાકી તેમાંથી વધેલ દ્રવ્ય અન્યાયોપાર્જિત તરીકે પાંજરાપોળ કે એવા ખાતાને લાભ મળે તેને અંગે લાગતું નથી. ઘણાને ભોગે એકને લાભ મળે તેથી તેનું નામ અન્યાય કહી શકાય નહીં. આ પ્રમાણે અમારી માન્યતા છે.

પ્રશ્ન—૧૯ કેટલાક દેરાસરોમાં અંદર તેમજ બહાર વીજળીની બત્તી દાખલ કરવામાં આવી છે. તેમાં કાંઇ ધાર્મિક બાધ છે? એ બાબતમાં તમારો અભિપ્રાય શું છે?

ઉત્તર—એ બત્તી સાથે અથડાઇને અનેક જીવો મૃત્યુ પામે છે એમ ઘણી જગ્યાએ દેખાય છે; તેથી દાખલ કરતાં બહુ વિચાર કરવા જેવું છે. તેમાં પણ રંગમંડપ કે ગભારાની અંદર તો દાખલ કરવા યોગ્ય લાગતીજ નથી. આ બાબત પ્રવૃત્તિ વધતી જાય છે, તેથી તે પ્રવૃત્તિ તદ્દન અટકવી મુશ્કેલ છે; પરંતુ આજ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાલ પ્રાયઃ સર્વત્ર જિનમંદિરાદિકમાં ઘીના કે બીજા દીવા ખુલ્લા મૂકી જયણા (જીવ-દયા)ની ભારે ઉપેક્ષા ( બેદરકારી ) કરવામાં આવે છે તે અક્ષમ્ય-સહન ન કરી શકાય એવી છે. એ રીતે પ્રભુસમક્ષજ પ્રભુના હિતકારી પવિત્ર આજ્ઞા વચનોની અવજ્ઞા ( અનાદર ) કર્યા કરવી તે યોગ્ય નથી; આ ભૂલ તો જલ્દી સુધારી લેવાની ચીવટ રાખવી ઘટે છે.

પ્રશ્ન—૨૦ પર્યુષણ પર્વમાં ભાદરવા શુદિ ૧ મે મહાવીર જન્મોચ્છવ વંચાય છે અને તે નિમિત્તે લોકો શ્રીફળ વધેરે છે, તેમજ શ્રીફળ ને સાકર વિગેરેની લાણી કરે છે તે યોગ્ય છે ? તેમાં કાંઇ બાધક નથી ?

ઉત્તર—આ બાબત પ્રથમ એક વખત સવાલ ઉભો થયો હતો, પણ પરિણામે એ પ્રવૃત્તિ અટકેલી નથી. એ ક્રિયા હર્ષ પ્રદર્શિત કરવા માટે કરવામાં આવે છે, તેથી ખાસ બાધક જેવું લાગતું નથી.

પ્રશ્ન—૨૧ પર્યુષણમાં જીવદયાના પૈસા ઉઘરાવવામાં આવે છે અને તે દ્રવ્યવડે જીવ છોડાવવામાં આવે છે, તે વ્યય બરાબર થાય છે ? તેમાં કસાઇના ધંધાને ઉલટું ઉત્તેજન તો મળતું નથી. ?

ઉત્તર—જીવદયાના પૈસાથી કસાઇને મોં માગ્યા પૈસા આપીને જીવ છોડાવવા કરતાં બનતાં સુધી ભરવાડ કે વાઘરી જેવા લોકો કે જે કસાઇને જનાવર વેચતા હોય તેની પાસેથી છોડાવવા ઠીક છે. એવે પ્રસંગે માત્ર જીવ છોડાવવાનીજ લાગણી તેજ હોવાથી વધારે સ્પષ્ટીકરણ કરી શકાતું નથી. અમે પણ એક રૂપીઆના પાંચ રૂપીઆ આપીને કસાઇ પાસેથી જીવ છોડાવવા કે જે પૈસાથી પાછો તે કસાઇ પાંચ જીવ લાવી શકે એ વાતથી તો વિરૂદ્ધ છીએ. સમજુ હોય તે તો એ વાત સહેજે સમજી શકે તેમ છે.

પ્રશ્ન—૨૨ નોકારશીના સ્વામીવચ્છળમાં કેટલેક ઠેકાણે પકવાન્ન અને ભાત દાળ, કરવામાં આવે છે, કેટલેક ઠેકાણે એકલું પકવાન્નજ આપવામાં આવે છે, તેમાં યોગ્ય શું છે ? એ બાબત કાંઈ લેખ છે ?

ઉત્તર—સ્વામીવચ્છળમાં જેમ બને તેમ સ્વામીભાઇની વધારે ભક્તિ કરવી એવો લેખ છે. બાકી જમનારની સંખ્યા બહુ મોટી હોય તો ભાતદાળમાં ( ને તેના એઠવાડમાં ) પહોંચી શકાતું નથી અને જો પડયું રહે છે તો જીવોત્પત્તિ થાય છે; તેથી જ્યાં સંખ્યા થોડી હોય અને બરાબર પહોંચી શકાય તેમ હોય ત્યાં ભાત દાળ કરવા તે યોગ્ય છે અને પહોંચી શકાય તેવું ન હોય ત્યાં એકલું પકવાન્ન કરવું તે યોગ્ય લાગે છે.

પ્રશ્ન—૨૩ ઉપધાનના અંગની ઘીની ઉપજ જ્ઞાનખાતામાં લઇ જવી યોગ્ય છે કે દેવદ્રવ્યમાં લઈ જવી યોગ્ય છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર—જેમાં પ્રભુની મૂર્તિનો કાંઇ પણ સંબંધ હોય તેવાં નિમિત્તના ઘીની ઉપજ દેવદ્રવ્યમાં લઇ જવી અને બીજી ઉપધાનની ઉપજ જ્ઞાનખાતામાં લઇ જવી યોગ્ય લાગે છે.

પ્રશ્ન—૨૪ આપણા દેરાસરોમાં કોપરેલ તેલનાં દીવા થાય છે તેમાં કાંઈ બાધ છે ? અને દેરાસરમાં ગ્યાસલેટ તેલના દીવા કરી શકાય ?

ઉત્તર—પ્રભુની પાસે તો બનતા સુધી ઘીના દીવા કરવા યોગ્ય છે, અને તેમ ન પહોંચાય તો કોપરેલના દીવા કરવામાં બાધ નથી. ગ્યાસલેટ તેલમાં દુર્ગંધ હોવાથી દેરાસરમાં વાપરવું યોગ્ય નથી.

પ્રશ્ન–૨૫ દેરાસરની ઉપજમાંથી–દેવદ્રવ્યમાંથી પગાર આપીને જૈન મહેતા રાખી કામ લેવું યોગ્ય છે કે અન્યધર્મી મહેતા રાખીને કામ લેવું યોગ્ય છે ? દેવદ્રવ્યમાંથી જૈન મહેતાને પગાર આપવામાં બાધક છે ?

ઉત્તર—દેરાસરની ઉપજ સાથે કોઈ પણ પ્રકારે સાધારણની ઉપજ કરવાનો પ્રયત્ન કરવો અને તે ઉપજમાંથી પગાર આપી જૈન મહેતા રાખીને કામ લેવું યોગ્ય લાગે છે.

પ્રશ્ન—૨૬ ઉપધાન શબ્દનો અર્થ શું છે અને તે શા નિમિત્તે કરવામાં આવે છે ?

ઉત્તર—નવકાર વિગેરે સૂત્રો ગુરૂ સમિપે વિધિપૂર્વક ગ્રહણ કરવાનું એ વિધાન છે. શ્રાવકને બનતા સુધી એ ક્રિયા અવશ્ય કરવાની છે. ઉપ કે૦ સમિપે–ગુરૂસમિપે, ધાન કે૦ ધારણ કરવું–યોગ્યતા મેળવી ગુરૂપાસે નવકારાદિ શીખવા એ ઉપધાન શબ્દનો અર્થ છે. બીજો અર્થ પણ થાય છે.

પ્રશ્ન—૨૭ ચમર અથવા ચામર શબ્દનો અર્થ શું છે ? અને તે પ્રભુને વીંજવામાં આવે છે તેનું પ્રયોજન શું છે ?

ઉત્તર—ચમરી ગાયના પુચ્છના વાળના બનાવવામાં આવે છે તેથી ચામર કહેવાય છે, અને તે રાજચિન્હ હોવાથી રાજા પ્રમાણે પ્રભુને વીંજવામાં આવે છે. આઠ પ્રાતિહાર્યમાં પણ તે ગણેલ છે.

પ્રશ્ન—૨૮ જૈનરામાયણ અને જૈનમહાભારત ( પાંડવ ચરિત્ર ) માં રામ અને કૃષ્ણાદિકને માટે જે કથન કરવામાં આવ્યું છે તે વાસ્તવિક છે ? વૈષ્ણવ ધર્મના એ મુખ્ય પુરૂષો શું જૈન હતા ?

ઉત્તર—જૈનરામાયણ ને પાંડવચરિત્રનું કથન વાસ્તવિકજ છે. કૃષ્ણનું મહત્વ તો બળભદ્ર જે દેવ થયેલા હતા તેમણે બંધુસ્નેહથી વધારેલું છે. બાકી દરેક વાસુદેવ પ્રાયે અન્યમતમાં પૂજનિક ગણાયા છે અને પ્રતિવાસુદેવોનેજ પ્રાયે તેઓએ અસુર કહ્યા છે. રામચંદ્રનું મહત્વ પણ તેમના ધર્મપ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્ની બારમા દેવલોકના ઇંદ્ર થયેલ સિતેંદ્રે વધારેલ છે.

પ્રશ્ન—૨૯ અકબર બાદશાહની સાથે શ્રી હીરવિજયસૂરિ અને તેમના શિષ્ય લડાઈમાં જતા હતા અને તેને મદદ કરતા હતા એ હકીકત ખરી છે? જો ખરી હોય તો એ સાધુને ઘટિત છે?

ઉત્તર—હકીકત સાચી છે અને જૈનધર્મનું મહત્વ બતાવવા તેમજ બાદશાહનું વલણ જૈનધર્મ તરફ દૃઢ કરવા યોગ્ય રીતે સહાય આપેલી છે. જીવોના વધમાં ભાગ લીધો નથી, કે તે પ્રકારની સહાય આપી નથી.

પ્રશ્ન—૩૦ શાંતિસ્નાત્ર અને અષ્ટોત્તરી સ્નાત્રની ક્રિયા શા હેતુમાટે કરવામાં આવે છે. શાંતિસ્નાત્રમાં ૨૭ વાર અને અષ્ટોત્તરી સ્નાત્રમાં ૧૦૮ વાર સ્નાત્ર કરવામાં આવે છે તેનું કારણ શું?

ઉત્તર—શાંતિસ્નાત્ર ને અષ્ટોત્તરી સ્નાત્રની ક્રિયાઓ બહુજ ઉત્તમ છે. કરવા યોગ્ય છે. મરકી, પ્લેગ, વિગેરે રોગાદિ ઉપદ્રવની શાંતિને નિમિત્તે એ ક્રિયાઓ કરવામાં આવે છે. એમાં પરમાત્માની ભક્તિ સવિશેષપણે થાય છે. ૨૭ ની ને ૧૦૮ ની સંખ્યા રાખવાનું પ્રયોજન તેના વિધાનમાં બતાવેલું છે. ૧૦૮ ની તો ઉત્તમ સંખ્યા છે. ૨૭ પણ તેનોજ ચોથો વિભાગ છે.

પ્રશ્ન—૩૧ શાંતિસ્નાત્ર ને અષ્ટોત્તરી સ્નાત્રમાં ગૃહદિગ્પાળનું પૂજન કરવામાં આવે છે. તેનું તેમજ પ્રારંભમાં કુંભસ્થાપના કરાવવામાં આવે છે તેનું શું કારણ છે? છેવટે મંગળકુંભ ભરવામાં આવે છે તેનું પણ શું કારણ છે?

ઉત્તર—**श्रेयांसि बहु विघ्नानि** એ સૂત્રને અનુસરીને એ બંને સ્નાત્રની ક્રિયા મહામંગળકારી હોવાથી તેમાં વિઘ્ન ન થવા માટે ગૃહદિગ્પાળનું પૂજન કરવામાં આવે છે. પ્રારંભમાં મંગળિક નિમિત્તે કુંભસ્થાપના કરવામાં આવે છે. પ્રતિષ્ઠાદિ દરેક ક્રિયામાં કુંભસ્થાપના કરવામાં આવે છે. પ્રાંતે મંગળકુંભ ભરવામાં આવે છે તે સ્નાત્રજળનું મહત્વ વધારવા માટે કરવામાં આવે છે. તે જળ અનેક ઉપદ્રવોનું નિવારણ કરે છે.

પ્રશ્ન—૩૨ ચોમાસાના દિવસોમાં પ્રતિષ્ઠા વિગેરે શુભ કાર્યો કરવામાં આવતા નથી તો પર્યુષણ પર્વ જેવું ઉત્તમ પર્વ ચોમાસામાં કેમ રાખેલ હશે?

ઉત્તર—ચોમાસામાં પ્રતિષ્ઠાનો નિષેધ નથી, બીજી કેટલીક ક્રિયાઓ બંધ રાખવાની છે ખરી; પરંતુ પર્યુષણ પર્વમાં તો તપસ્યા વિગેરે વિશેષ કરવામાં આવે છે, તેથી તે ક્રિયા તો ચોમાસામાંજ કરવા યોગ્ય છે. તેને માટે અનુકૂળ પણ ચોમાસાની ઋતુ છે.

પ્રશ્ન—૩૩ પર્યુષણ પર્વના દિવસો શ્વેતાંબર ને દિગંબરમાં જુદા જુદા ઠરાવેલા છે. એવો ભેદ પડવાનું કારણ શું?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર—જ્યાં એક વાતમાં જુદાઇ થઈ ત્યાં પછી અનેક વાતમાં જુદાઈ થાય છે, તેને માટે ખાસ કારણ હોતું નથી. વિચાર ભેદજ એમાં કારણભૂત હોય છે.

પ્રશ્ન ૩૪—જીવદયાના પૈસામાંથી ઢોર છોડાવવામાં વધારે લાભ છે કે તે પૈસાથી જીવદયા પ્રસારક મંડળો સ્થાપવામાં આવે, તેવા મંડળો નીભાવવામાં આવે, ઉપદેશકો રાખવામાં આવે ઈત્યાદિમાં વધારે લાભ છે?

ઉત્તર—જીવદયાના દ્રવ્યથી અનેક મનુષ્યના હૃદયમાં દયાની લાગણી ઉત્પન્ન કરવાનું, તાજી કરવાનું–વધારવાનું કરવામાં આવે, તેને માટે મંડળો સ્થાપવામાં આવે અને ઉપદેશકો રાખવામાં આવે તો તે વધારે આવશ્યક લાગે છે. પરિણામે એથી બહુ લાભ થાય છે.

પ્રશ્ન ૩૫—સોડા લેમન વિગેરે પદાર્થો દોષવાળા ગણાય? તે વાપરતાં કાંઇ દોષ લાગે? મજબૂત પેક કરેલ હોવાથી તેમાં જીવોત્પત્તિ થાય?

ઉત્તર—સોડાવોટર લેમન વિગેરે પદાર્થો અનેક રીતે વાપરવા યોગ્ય નથી. તેમાં વપરાતા પાણી વિગેરેની તેમજ તેના રસકસ વિગેરેની તપાસ કરવામાં આવે તો તે બાબતની ખાત્રી થઈ શકે તેમ છે.

પ્રશ્ન ૩૬—જૈનધર્મની દૃષ્ટિએ બરફ, આઇસક્રીમ, કુલફી વિગેરે પદાર્થો અભક્ષ્ય ગણાય? બરફને અભક્ષ્ય ગણવાનું કારણ શું?

ઉત્તર—બરફ અપ્કાય જીવોનો પિંડ છે. ઘણા પાણીનો થોડો બરફ બનતો હોવાથી તેમાં તે પ્રકારના જીવોની ગાઢતા થાય છે, તેથી તે અભક્ષ્ય ગણાય છે. આઈસક્રીમ વિગેરે માટે પણ તે બનાવવાના પાત્ર, તેમાં વપરાતી વસ્તુ વિગેરેની બારીક તજવીજ કરવામાં આવે તો તેના અભક્ષ્યપણાની ખાત્રી થાય તેમ છે.

પ્રશ્ન ૩૭—જૈનધર્મની દૃષ્ટિએ કોળું, જાંબુ, પંડોળા, ગલકાં, સીંગોડા વિગેરે વસ્તુઓ અભક્ષ્ય ગણાય? ગણાય તો તેનું કારણ શું?

ઉત્તર—તે બધા પદાર્થો પ્રત્યેકવનસ્પતિકાય છે તેથી તેને ખાસ અભક્ષ્ય કહી શકાય તેમ નથી. તે શિવાય કોઇ ખાસ કારણથી કોઇ વસ્તુ ન ખાવા યોગ્ય માની હોય તો જુદી વાત છે. જેમ કોળાંને બહુ મોટું ફળ હોવાથી ન ખાવા યોગ્ય કહે છે તેમ.

પ્રશ્ન ૩૮—બહુબીજવાળા હોવાથી રીંગણા જો અભક્ષ્ય ગણાય છે તો બહુ બીજવાળા ભીંડા વિગેરે અભક્ષ્ય કેમ નહિ?

ઉત્તર—રીંગણામાં એકલા બીજજ ભરેલા છે, ગર્ભ નથી, તે પ્રમાણે ભીંડા વિગેરેમાં નથી તેથી તેને અભક્ષ્ય ગણેલ નથી. રીંગણાંને અભક્ષ્ય ગણવામાં બીજા પણ ઘણા કારણો આપણામાં ને અન્ય શાસ્ત્રોમાં બતાવેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન ૩૯—પરમાધામી દેવો કહેવાય છે તે કઇ જાતિના દેવો છે ? તે નારકીના જીવોને અનેક પ્રકારની પીડાઓ ઉત્પન્ન કરે છે તે પોતાની ઇચ્છાથી કરે છે કે કોઇની પ્રેરણાથી કરે છે ?**

ઉત્તર—પરમાધામી ભુવનપતિ પૈકી અસુરકુમાર નિકાયના દેવો છે. તેઓ સામાના પાપોદયની પ્રબળતાવડે પોતાની ઇચ્છાથીજ નારકીના જીવોને પીડા ઉત્પન્ન કરે છે. તેને એમાંજ આનંદ આવે છે. એવી પીડા કરવાથી તેઓ ઘણા અશુભ કર્મ બાંધે છે. તે મરીને અંડગોળીક થાય છે ને ત્યાંથી મરીને નરકે જાય છે.

પ્રશ્ન ૪૦—રોટલી રોટલા શેકીને બીજે દિવસે ખાય છે તે યોગ્ય છે ? દુધપાકમાં અને ભાતમાં છાશ નાખીને બીજે દિવસે ખાય છે તે યોગ્ય છે? બાસુદીનો બીજે દિવસ માવો કરવામાં આવે છે તે ખાવા યોગ્ય છે ?

ઉત્તર—રોટલી રોટલા કે ખાખરા શેકેલા બીજે દિવસ ઘી, દુધ કે દહીં સાથે ખાવામાં આવે તો તેમાં કાંઇ બાધક નથી. દુધપાકમાં થોડીક છાશ નાખી બીજે દિવસ ખાય છે તે અયોગ્ય છે. ભાતને છુટા કરી નાખી છાશમાં ચાર આંગળ બુડતા રાખે ને પછી બીજે દિવસે તેનું કાંઇ બનાવીને અથવા એમ ને એમ ખાવામાં આવે તો અયોગ્ય લાગતું નથી. બાસુદીનો બીજે દિવસ કાઢેલો માવો ખાવાયોગ્ય જણાતો નથી.

**પ્રશ્ન ૪૧—ખાંડનું બુરૂં ને પતાસાં ચોમાસામાં કરેલાં ખવાય અને કાચી ખાંડ ન ખવાય તેનું શું કારણ ?**

ઉત્તર—બુરૂં ખાવાને ઇચ્છનારે ચોમાસા અગાઉ બુરૂં કઢાવી રાખવું જોઇએ; તેજ ભક્ષ્ય ગણાય છે. પતાસાં તો પહેલાં કરાવી રાખેલાં ચાર મહિના વપરાય નહીં તેથી કરાવી રખાતા નથી. બાકી કાચી ખાંડ તો ચોમાસામાં અભક્ષ્ય છે, કારણકે તે જીવસંકુલ ગણાય છે, તેથી ધર્મરાગી જનોએ તે ચોમાસામાં વાપરવી ન ઘટે.

પ્રશ્ન ૪૨—ચોમાસાના દિવસોમાં ચા અને કેશર વિગેરે પદાર્થોમાં કુંથુઆ પડે છે અથવા તે વર્ણના જીવો ઉત્પન્ન થાય છે તો તે અટકાવવાનો કાંઇ ઉપાય છે ? અને કાચી ખાંડની માફક તે વર્જ્ય કેમ ગણાતા નથી ?

ઉત્તર—ચા ને કેશર તમામમાં જીવોત્પત્તિ થાય છે એમ નથી. કવચિત્ કવચિત્ કોઇમાં દેખાય છે. તેના નિવારણનો ઉપાય જાણવામાં નથી,

‡ ચા, કેશર, સૂકવણી, કે વધારે વખતના કરેલા પાપડ વિગેરેમાં બહુધા ચોમાસાની ઋતુ યોગે ફુગી આવી જાય છે અને કુંથુઆ વિગેરે ત્રસ જીવોની ઉત્પત્તિ થાય છે તેથી ત્રસાદિ જીવાકુળ જાણીને ધર્મરાગીએ અભક્ષ્ય પ્રાય સમજી પરિહરવી ઘટે છે. (સંશોધક)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને કવચિત્‌ના કારણથીજ ખાંડની જેમ તેને સર્વથા વર્જ્ય ગણેલ નથી.

પ્રશ્ન ૪૩—વીદળ શા કારણથી અભક્ષ્ય ગણાય છે. તેની બરાબર વ્યાખ્યા શું છે ? તેમાં જીવોત્પત્તિ થાય છે તે જ્ઞાનીના વચનોથીજ માનવા યોગ્ય છે કે કોઈ પ્રકારના પ્રયોગથી તે જીવો દેખી શકાય છે ? એનો બાધ ગુજરાતમાં વધારે ગણાય છે ને કાઠીઆવાડમાં ઓછો ગણાય છે તેનું કાંઇ દેશવિશેષ કારણ છે ?

ઉત્તર—ટાઢા દુધ દહીં કે છાશમાં દ્વીદળ એટલે જેની બે દાળ થાય છે તેવા મગ અડદ ચણા વિગેરે કઠોળ, તેની દાળ કે તેથી બનેલ પદાર્થ અથવા તેનો આટો નાખેલ પદાર્થ ખવાય નહીં. તેનો સંયોગ થતાંજ તેમાં જીવોત્પત્તિ થાય છે. એ અભક્ષ્યનું નામ **વિદળ** પાડેલ છે. એમાં ઉત્પન્ન થતા જીવો જોવાનો કોઇ પણ પ્રકારનો પ્રયોગ કરેલો ધ્યાનમાં નથી. તે હકીકત જ્ઞાની ગમ્ય છે, તેથી આપણે તો જ્ઞાનીના વચનજ પ્રમાણ કરવાના છે. અને તે સર્વ દેશમાં એક સરખી રીતે અભક્ષ્ય ગણવા યોગ્ય છે. દેશવિશેષે ભેદ નથી.

પ્રશ્ન—૪૪ તિથિઓને દિવસે લીલોતરી ખાવાનો નિષેધ છે છતાં કેરી, કેળાં, પાન, દાતણ, શ્રીફળ વિગેરે કોઇ કોઈ ભાઈઓ ને બાઇઓ ખાય છે તો તે ખાવામાં બાધ નથી ? આગલા દિવસે લાવી રાખેલ હોય તો લીલું શાક ખવાય ? લીલાં દાતણમાં શું બાધ છે ?

ઉત્તર—મુખ્યવૃત્તિએ બાર તિથિએ તેમજ પર્વોએ તમામ લીલોતરી ખાવી ન જોઈએ, છતાં બધી તજી ન શકાય તે પાકાં કેરી કેળા વિગરે એક બે ત્રણ ચીજો ખાવાની છુટ રાખે છે. તે ખાવામાં બાધ નથી એમ સમજવું નહીં, માત્ર ભાવની મંદતા સમજવી. આગલે દિવસે લાવી રાખેલ પણ ખવાય નહીં. લીલાં દાતણ પણ લીલોતરી અથવા વનસ્પતિકાયજ છે તેથી તેનો તિથિએ નિષેધ છે.

પ્રશ્ન—૪૫ ચોમાસાના દિવસોમાં લીલુ શ્રીફળ ખાતા નથી તેનું કારણ શું ? તેમાં જીવોત્પત્તિ વધારે છે તે છે ? અને જો શ્રીફળ ખાવું નહીં તો પછી તેનું ચોમાસામાં બનાવેલું કોપરેલ દેરાસરમાં વપરાય છે તેમાં કાંઇ બાધ નથી ?

ઉત્તર—શ્રીફળમાં કાંઇ વિશેષ જીવોત્પત્તિ કહેલ નથી. પણ રસેંદ્રી ઉપર અંકુશ મૂકવા માટે તે ચોમાસામાં ખાવામાં આવતું નથી. ભાંગેલ શ્રીફળમાં ફુગી વળે છે તેથી ફુગી વળે ત્યારથી તે અભક્ષ્ય ગણાય છે. કોપરેલ માટે આપણે કાંઇ કરી શકીએ તેમ ન હોવાથી બાધ ગણેલ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રશ્ન—૪૬ સોપારી અને કેરી ભાંગ્યા પછી બે ઘડીએ ભક્ષ્ય ગણાય છે, એટલે કે સચિત્તત્યાગી પણ ખાય છે અને બદામના બીજ છુટા પડ્યા પછી અમુક વખતે અભક્ષ્ય ગણાય છે તો એક બે ઘડી પછી ભક્ષ્ય ગણાય ને બીજી વસ્તુ અભક્ષ્ય ગણાય તેનું શું કારણ ?

ઉત્તર-સોપારી ભાંગ્યા પછી બે ઘડીએ અને કેરી કાપવાની હોય તો ગોઠલાથી જુદી પાડ્યા પછી ને રસની હોય તો રસ કાઢ્યા પછી બે ઘડીએ અચિત્ત થાય છે તેથી તે સચિત્તત્યાગી પણ વાપરે છે. અને શ્રીફળ તથા બદામના બીજ જુદા પડ્યા પછી તેની સ્નિગ્ધતાને લીધે બીજા મેવાંના પદાર્થની જેમ ચોમાસામાં અમુક વખતે તેની ઉપર ફુગી થાય છે તે અનંતકાય છે, બહુ બારીક હોવાથી તે આપણે જોઇ શકતા નથી, પણ અભક્ષ્ય ગણાય છે.

પ્રશ્ન—૪૭ એકાસણું કે આંબેલ કરવા બેસતી વખત માથે ટોપી પહેરી રાખવામાં આવે છે તેનું શું કારણ ? અને બેસવાની જગ્યાએ રૂમાલ અથવા કટાસણું વિગેરે પાથરવામાં આવે છે તેનું શું કારણ ?

ઉત્તર—ટોપી પહેરી રાખવાનો રીવાજ તો અમારા તરફ બીલકુલ નથી, અહીં તો ઉઘાડે માથે સૌ બેસે છે. નીચે આસન નાખવાનું કારણ જયણા સચવાય અને એક સરખી સ્થિરતાથી એકજ નિર્માણ કરેલી જગ્યાએ બેસી રહેવાય તે છે.

પ્રશ્ન—૪૮ આયંબિલ શબ્દનો અર્થ શું ? એવી રીતે લુખા પદાર્થો ખાવાનું અને છ વિગય ત્યાગ કરવાનું શું પ્રયોજન છે ?

ઉત્તર-આયંબિલમાં ગળે સીધો ઉતરી જાય તેવો પદાર્થ ખાઇને અથવા સો વર્ષની દાંત રહિત થયેલી ડોશી દહીં ગળે ઉતારે તેમ સ્વાદ કર્યા વગર રસકસ વગરનું ભોજન એક ટંક નિયત સ્થળે કરીને સંતોષ રાખવાનો છે. એ પ્રમાણે છ વિગય તજીને લુખા પદાર્થ ખાવાનું પ્રયોજન રસેંદ્રિયને વશ કરવી તે છે. એ અનેક પ્રકારના તપો પૈકી એક પ્રકારનો તપ છે. એથી દેહની અને આત્માની બંનેની શુદ્ધિ થાય છે, અધ્યવસાય નિર્મળ થાય છે, તેમજ એ તપ વિઘ્નહર છે. શ્રીપાળાદિકે તે તપથી દ્રવ્ય ભાવ બંને પ્રકારનો લાભ મેળવેલો છે. તેનું સંસ્કૃત નામ આચામામ્લ અથવા આચામ્લ છે. તેનો અર્થ બીજે કરેલો છે તે જોઇ લેવો.

પ્રશ્ન—૪૯ વૈષ્ણવો કઠોળને તેમજ તેની દાળને પલાળીને તેમાં ફણગા ફુટ્યા પછી બીજે દિવસ ખાય છે તે શ્રાવકોને માટે વર્જ્ય છે—ખાવા લાયક નથી તેનું શું કારણ ? જો અનાજ ફુટવાનું કારણ હોય તો બાજરી ને જુવારની ધાણી પણ તે અનાજ ફુટવાથી થાય છે તે કેમ ખવાય ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર—ફુટવા ફુટવામાં ફેર છે. કઠોળમાં જે ફણગા ફુટે છે તે તો સજીવ અનંતકાય છે, તેથી તે શ્રાવકથી ખવાયજ નહીં, ધાણી કરવામાં તે અનાજનો દાણો માત્ર ફુટે છે એમાં કાંઈ જીવોત્પત્તિ થતી નથી. ધાણી તો અચિત્ત છે.

પ્રશ્ન—૫૦ મુંબઈમાં લીલા નાળીયેરનું પાણી પીવાનો રીવાજ છે તે પાણી પીવામાં શ્રાવકને કાંઈ બાધ છે ?

ઉત્તર—લીલાં શ્રીફળ પ્રત્યેકવનસ્પતિકાય છે તેથી તે ફોડીને તેનું પાણી તૃષા છીપવા માટે પીવામાં શ્રાવકને ખાસ બાધ નથી. માત્ર એથી રસેંદ્રિયને પુષ્ટિ મળે છે તેથી બનતા સુધી તેવી પ્રવૃત્તિ ઓછી કરવા યોગ્ય છે.

પ્રશ્ન ૫૧—દેવદ્રવ્યના પૈસા સારી જામીનગીરી લઈને શ્રાવકને ધીરી શકાય કે કેમ ? એ પૈસા મુસલમાન, પારસી, યુરોપીયન વિગેરે અન્ય ધર્મીને ધીરવામાં આવે અને તેઓ તે દ્રવ્યવડે અનેક પ્રકારના પાપારંભનાં કર્માદાનનાં કાર્યો કરે તો તેવી ધીરધાર કરવી એ યોગ્ય છે ? એમ ધીરધાર કરનાર કાંઈ દોષના ભાગી થાય છે ?

ઉત્તર—સારી જામીનગીરીથી શ્રાવકને કે કોઈને પણ ધીરી શકાય; બાકી પાપારંભના વ્યાપાર કરનારાઓ સ્વકોમવાળા કે અન્ય કોમવાળાઓને એ દ્રવ્ય ધીરવું ને વ્યાજ ઉપજાવવું એ શાસ્ત્રકારોએ યોગ્ય ગણ્યું નથી. એવી રીતે ધીરધાર કરનારા તો યોગ્ય કરતા હોય એમ લાગતું નથી, તેથી એમાં સુધારો થવાની બહુ જરૂર છે.

પ્રશ્ન ૫૨—ઋતુવંતી સ્ત્રી પ્રતિક્રમણાદિના સૂત્રો ને સ્મરણો (સ્તોત્રો) મોઢે બોલી શકતી નથી, પણ સાંભળવાની છુટ છે એ બરાબર છે ? યોગ્ય છે ? અને એવો ભેદ રાખવાનું શું કારણ છે ?

ઉત્તર—સૂત્રો, સ્મરણો વિગેરે ઋતુવંતી સ્ત્રી સ્વમુખે બોલે તો તેથી જ્ઞાનની આશાતના થાય છે. પ્રતિક્રમણ પણ પૌષધાદિ પ્રસંગ શિવાય તેને સંભળાવવામાં આવતું નથી. સ્તોત્રો ને સ્મરણો મંત્રાક્ષરવાળા હોવાથી તે સાંભળે એમ બોલવામાં આવતા નથી. ઋતુવંતી સ્ત્રી નીતિ કે ધર્મસંબંધી કોઈપણ બુકને અડે કે લઈને વાંચે તે પણ આશાતનાયુક્ત લેખાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પંન્યાસજી શ્રીપદ્મવિજયજી કૃત

## શ્રી ઋષભદેવનું સ્તવન. સાર્થ.

પ્રથમ જિનેશ્વર પ્રણમીએ, જાસ સુગંધી રે કાય;
કલ્પવૃક્ષ પરે જાસ, ઇંદ્રાણી નયન જે, ભૃંગપરે* લપટાય- પ્રથમ૦૧
રોગ ઉરગ[1] તુજ નવી નડે, અમૃત જેહ આસ્વાદ;
તેહથી પ્રતિહત[2] તેહ, માનુ કોઇ નવી કરે, જગમાં તુમશું રે વાદ-પ્રથમ૦૨
૧ વગર ધોઇ તુજ નિરમળી, કાયા કંચન વાન;
નહીં પ્રશ્વેદ લગાર, તારે તું તેહને, જે ધરે તાહરૂં ધ્યાન- પ્રથમ૦૩
૨ રાગ ગયો તુજ મનથકી, એહમાં ચિત્ર[3] ન કોય,
રૂધિર આમિષથી રાગ[4], ગયો તુજ જન્મથી, દુધ સહોદર[5] હોય-પ્રથમ૦૪
૩ શ્વાસોશ્વાસ કમળ સમો, તુજ લોકોત્તર વાત;[6]
૪ દેખે ન આહાર નિહાર, ચર્મ ચક્ષુ ધણી, એહવા તુજ અવદાત[7]-પ્રથમ૦૫
ચાર અતિશય મૂળથી, ઓગણીશ દેવના કીધ;
કર્મ ખપ્યાથી અગીઆર, ચોત્રીશ એમ અતિશયા, સમવાયાંગે[8] પ્રસિદ્ધ-પ્ર૦૬
જિન ઉતમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ;
પદ્મવિજય કહે એક, સમય પ્રભુ પાળજો, જેમ થાઉં અક્ષય અભંગ-પ્રથમ૦૭

### અર્થ

પ્રથમ જિનેશ્વર ઋષભદેવને હું નમસ્કાર કરૂં છું. તેમની કાયા સુગંધી હોવાથી કલ્પવૃક્ષ ઉપર ભ્રમરની જેમ ઇંદ્રાણીઓના નેત્રો તેનાપર લલચાય છે-લપટાય છે-તેમાં લીન થઈ જાય છે. ૧

રોગરૂપી સર્પ આપના શરીરનો આસ્વાદ (રસ) અમૃત જેવો હોવાથી આપને નડી શકતા નથી અને તેથી બીજું તો એ થાય છે કે તેથી પ્રતિહત થઇને-પરાસ્ત થઇને કોઈ પણ વાદી તમારી સાથે વાદ કરી શકતા નથી. ૨

તમારી કાયા ધોયા વિના પણ અતિ નિર્મળ છે. કંચન સરખા વર્ણવાળી છે. આપને પ્રશ્વેદ-પરસેવો બીલકુલ થતો નથી અને આપનું જે ધ્યાન ધરે તેને આપ તારો છો. ૩

તમારા મનમાંથી રાગ નાશ પામી ગયો છે તેમાં કાંઈ નવાઇ નથી, કેમકે આપના રૂધિર (લોહી) અને આમિષ (માંસ) માંથી પણ રાગ એટલે રંગ નાશ પામી ગયો હોવાથી દુધ જેવા ઉજ્વળ હોય છે. ૪

* ભમરાની જેમ. ૧ રોગરૂપી સર્પ. ૨ પરાભવ પામેલ. ૩ આશ્ચર્ય. ૪ રંગ-રક્તતા. ૫ દુધ જેવા ઉજ્વળ. ૬ અલૌકિક. ૭ વૃત્તાંત. ૮ સમવાયાંગ સૂત્રમાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપનો શ્વાસોશ્વાસ કમળ જેવો સુગંધી છે. આપની બધી વાત લોકોત્તર એટલે અલૌકિક-અસાધારણ છે. આપ આહાર નિહાર કરો છો તે પણ ચર્મ-ચક્ષુવાળા-જ્ઞાનચક્ષુ વિનાના સામાન્ય મનુષ્યો જોઇ શકતા નથી. આવું અપૂર્વ આપનું વૃત્તાંત છે. ૫

આપને ઉપર પ્રમાણે ચાર અતિશયો તો મૂળથી એટલે જન્મથીજ હોય છે, ૧૯ અતિશયો દેવના કરેલા હોય છે અને ઘાતીકર્મનો ક્ષય થાય છે ત્યારે બીજા ૧૧ અતિશયો પ્રગટ થાય છે. એમ સર્વ મળીને ૩૪ અતિ-શયો થાય છે. તે શ્રી સમવાયાંગ સૂત્રમાં પ્રસિદ્ધપણે વર્ણવેલા છે. ૬

જિન જે સામાન્ય કેળવી તેમાં ઉત્તમ તીર્થંકર ભગવંત તેમના ગુણ ગાવાથી આપણા અંગમાં તેવા ગુણો આવે છે-પ્રાપ્ત થાય છે. શ્રીપદ્મવિજયજી કહે છે કે-હે પ્રભુ ! મારી તો એટલીજ પ્રાર્થના છે કે આપ એક સમય-મારા મૃત્યુનો સમય બરાબર પાળજો, જાળવજો, સુધારજો કે જેથી હું અક્ષય ને અભંગ થાઉં અર્થાત્ સિદ્ધિપણું પામું. મારી બીજી કાંઇ પ્રાર્થના નથી. હું બીજું કાંઈ માગતો નથી.૮ ઇતિશમ્ (સ. ક. વિ.)

# श्री हितशिक्षाना रासनुं रहस्य.

## ( અનુસંધાન પૃષ્ઠ ૧૫૬ થી )

( અનુસંધાન પૃષ્ઠ ૧૫૬ થી )

સ્ત્રીને ગુહ્યની વાત ન કહેવી તે ઉપર એક કોળીની કથા કહે છેઃ-કુંડળપુર નામના નગરમાં **મંથર** નામનો એક કોળી રહેતો હતો. તે તાણા-વીંજણીનું કામ કરતો હતો. એક દિવસ તે ઇંધણા લેવા માટે વનમાં ગયો, ત્યાં તેણે એક સીસમનું ઝાડ ઠીક દેખીને કાપવાનો વિચાર કર્યો, એટલે તે ઝાડ ઉપર રહેનાર વ્યંતર કંપ્યો. તેણે તે કોળીને કહ્યું કે-'આ ઝાડ મારા નિવાસનું છે તેથી તું કાપવું રહેવા દે.' પણ કોળીએ માન્યું નહીં ને એક કુહાડાનો ઘા માર્યો એટલે વ્યંતર વધારે કંપ્યો અને કહેવા લાગ્યો કે-'અરે ભાઈ ! કોઈ રીતે આ ઝાડને કાપવું રહેવા દે ને વર માગ. તું માગ તે આપું' એટલે કોળી કહે કે 'શું માગવું તે મારી સ્ત્રીને પૂછી આવું.' એમ કહીને તે પોતાની સ્ત્રીને પૂછવા ગયો.

અહીં રાસના કર્તા કહે છે કે-' નરમ રહે તેને કોઇ ગણકારતું નથી, જ્યારે સખત થાય ત્યારેજ તેની ખબર લેવાય છે. એક હાથી નરમ થઈને રખડતો હતો, એટલે તેને કોઇ કુંભાર પોતાને ઘરે લઈ ગયો ને પોતાનું ઘરકામ કરાવવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગ્યો. છતાં તેની ખાવાપીવાની સંભાળ લેય નહિ. હાથી કચવાયા કરે. પછી કોઇએ તે હાથીને શીખામણ દીધી કે-' ભાઇ! આમ કોઇ સંભાળ લેશે નહિ, માટે જેવા મોટા છો તેવા મજબુત થઇ બળ બતાવ.' એટલે તેણે કુંભારના ઠામ ભાંગી નાખ્યા, ચાક ઉડાડી નાખ્યો, ને બહાર નીકળ્યો, એટલે તે રાજદરબારે હસ્તીશાળામાં બંધાણો ને શેરડીઓ ખાવા મળી.'

આ હકીકત અમુક પ્રસંગે ધ્યાનમાં રાખવાયોગ્ય છે.

હવે પેલો કોળી ઘરે પોતાની સ્ત્રીને પૂછવા જાય છે, ત્યાં રસ્તે તેનો એક મિત્ર મળ્યો. તેને કોળીએ કહ્યું કે-' મારી ઉપર દેવ તુષ્ટમાન થયો છે તો શું માગું ?' મિત્ર કહે-' રાજ્ય માગજે.' કોળી કહે-' સ્ત્રી કહેશે એમ કરીશ.' પછી ઘરે જઇ સ્ત્રીને પૂછયું અને મિત્રે રાજ્ય માગવા કહ્યું છે તે વાત પણ કરી. સ્ત્રી કહે-' રાજ્ય ન માગશો, તમે જક્ષ પાસે બે માથા અને ચાર હાથ થાય એમ માગો એટલે બમણું કામ થાય, તેથી લક્ષ્મી વધારે આવે.' કોળી જક્ષ પાસે ગયો ને સ્ત્રીના કહ્યા પ્રમાણે માગ્યું. તેણે ' તથાસ્તુ ' કહ્યું એટલે ચાર હાથ ને બે માથાં થઇ ગયા.

કોળી ત્યાંથી ઘરે આવવા ચાલ્યો. માર્ગમાં લોકોએ ' આ કોઇ રાક્ષસ આવે છે ' એમ જાણી તેને પથરાંને ઢેખાળાથી મારવા માંડ્યો. ઘણા માણસના મારથી તે માર્ગમાંજ પડ્યો, ને મરણ પામ્યો. કર્તા કહે છે કે-જેનામાં પોતાનામાં બુદ્ધિ નથી ને સારા મિત્રની સલાહ માનતો નથી, સ્ત્રીના કહ્યા પ્રમાણે કરે છે, તેના આવા હાલ થાય છે.

અહીં વ્યંતરને ચોથા પ્રશ્નનો જવાબ પણ મનમાન્યો મળી જવાથી તેણે શારદાકુટુંબને તે ઘરમાં રહેવા દીધું ને તે આનંદથી રહ્યું.

શ્રી ઋષભદાસજી અહીં પ્રસંગોપાત કહે છે કે-' સ્ત્રીને સલાહ ન પૂછવી એ વાત એકાંતે ન સમજવી, કારણ કે કેવળીભગવંતે કોઇ પણ વાત એકાંતે કહી નથી કોઇ સ્ત્રી એવી ડાહી પણ હોય છે કે જેની સલાહ ઉપયોગી થઇ પડે છે, ગુણકારક થાય છે. જુઓ! વસ્તુપાળ મંત્રી જેવા મંત્રી નાનાભાઇ તેજપાળની સ્ત્રી અનુપમાદેવીની સલાહ લેતા હતા; કેમકે જે સ્ત્રી કુળવંતી હોય, આકરા વ્રતને પાળનારી હોય ને બુદ્ધિશાળી હોય તે સાચી સલાહજ આપે વળી જૈનધર્મ ઉપર પુરતો રાગ હોવાથી પુરૂષને મિથ્યાત્વ આચરતાં પણ વારે, એવી કુળવંતી સ્ત્રીને ગુહ્ય કહેવું ને સલાહ પૂછવી.' એ પ્રમાણે સ્ત્રીસાથેનું ઉચિત જાણવું. તેને કાંઇ વ્યાધિ થયો હોય તો ઉપેક્ષા ન કરતાં તેનું સારી રીતે ઓષધ કરવું. પાસે રહીને ધર્મ કરાવવો. તે કોઇ પ્રકારનું વ્રત કરે તો તેનું ઉજમણું કરવું. દાન, દેવપૂજા, તીર્થયાત્રા વિગેરેમાં સાથે રાખી તેનો ઉત્સાહ વધારવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેને જોઇતું દ્રવ્ય આપવું–અંતરાય ન કરવો; કારણકે સ્ત્રીના કરેલા પુણ્ય-માંથી પુરૂષને ભાગ મળે છે. વળી વીરપરમાત્માએ ધર્મકાર્ય કરે, કરાવે ને અનુમોદે ત્રણેમાં સરખું પુણ્ય કહ્યું છે. કર્તા કહે છે કે–જે ઉતમ પુરૂષ હોય તે સ્ત્રીની પાસે પુણ્યકાર્ય કરાવે, અને આ હિતશિક્ષા ધ્યાનમાં રાખીને સ્ત્રીનું ઉચિત યોગ્ય રીતે જાળવે.

હવે પુત્રનું ઉચિત પણ યોગ્ય રીતે જાળવવું. તે સુજ્ઞ પુરૂષ કેવી રીતે જાળવે તે કર્તા કહે છે–' પાંચ વરસનો થાય ત્યાં સુધી લાલન પાલન કરે, પછી નિશાળે મૂકી દશ વર્ષ સુધી ભણાવે, યોગ્ય વયનો થાય એટલે પરણાવે, સોળ વર્ષનો થાય ત્યારથી મિત્ર સમાન ગણે, દેવ ગુરૂ ધર્મની ઓળખાણ પાડે, દેવપૂજા, ગુરૂભક્તિ, ધર્મક્રિયા વિગેરેમાં સાથે રાખીને જોડે. સત્પુરૂષની સંગતિ કરાવે.' સત્પુરૂષની સંગતિ પ્રાણીને બહુ હિતકારી થાય છે. જુઓ ! વલ્કલચીરીને તેથીજ લાભ થયો. ધર્મવંતની સોબતથી આપત્તિ નાશ પામે. સમકિતની પ્રાપ્તિ થાય. જુઓ અભયકુમાર સાથે મિત્રાઇ કરવાની ઇચ્છા અ-નાર્ય દેશમાં રહેલા આર્દ્રકુમારને થઇ તો તેને સમકિત પમાડ્યું, તેની કથા આ પ્રમાણે છે—

હાલમાં એડન કહેવાય છે ત્યાં **આદન** નામનો રાજા હતો. તે વખતે મગધદેશમાં **શ્રેણિક** રાજા હતો. તે બંને રાજાઓને પોતપોતાને સ્થાને રહ્યા રહ્યા પરસ્પર પ્રીતિભાવ હતો, તેથી તેઓ એક બીજાને સારી સારી વસ્તુઓ ભેટ તરીકે મોકલતા હતા. આદન રાજાને **આર્દ્રકુમાર** ને શ્રેણિકરાજાને **અભયકુમાર** પુત્ર હતો. પિતાને લઇને તેના પુત્રોને પણ પ્રીતિભાવ થયો; તેથી એકવાર આર્દ્ર-કુમારે પોતાના પિતાએ શ્રેણિક રાજાને ભેટ મોકલી ત્યારે પોતે અભયકુમાર માટે કેટલીક વસ્તુઓ ભેટ તરીકે મોકલી. તે વસ્તુઓ મળ્યા પછી તે લાવનારા પાછા જવાના હતા ત્યારે શ્રેણિક રાજાએ આદન રાજા માટે ભેટની વસ્તુઓ મોકલી. તે સાથે અભયકુમારે પણ આર્દ્રકુમાર માટે હાથી ઘોડા વિગેરે મોકલ્યું. તેની અંદર એક પેટીમાં ઋષભદેવજીની મૂર્ત્તિ પૂજાના ઉપકરણો સહિત મૂકીને મોકલી. સેવકોને કહ્યું કે–' આ પેટી આર્દ્રકુમારને હાથોહાથ આપજો અને તે એકાંતમાં એકલા હોય ત્યારે ઉઘાડીને જુએ એમ કહેજો.' સેવકોએ તે રીતેજ કર્યું. આર્દ્રકુમારે એકાંતમાં પેટી ઉઘાડી અને પ્રતિમાજી જોઇને બહુજ રાજી થયો. પછી આ આભૂષણ ક્યાં પહેરવાનું હશે ? એમ વિચારી હાથે ગળે માથે બધે લગાડી જોયું પણ ઠીક લાગ્યું નહિ. પછી સામે મૂકીને જોવા લાગ્યો તો બહુ ઠીક લાગ્યું. તે વખતે તેના મનમાં વિચાર થયો કે–' મેં આવું કાંઇક જોયું છે.' ઉહાપોહ કરતાં જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વભવ દીઠો. પૂર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવે ચારિત્ર વિરાધેલું તેથી અનાર્ય દેશમાં ઉત્પન્ન થયાનું સમજાણું, એટલે પછી આર્ય દેશમાં જવાની અને દીક્ષા લેવાની તીવ્ર ઇચ્છા થઇ. તેના પિતા તેને આર્ય દેશમાં જવા દેય તેમ ન હોવાથી છુપી રીતે નીકળી ગયો. આર્ય-ભૂમિ પર આવી દીક્ષા લીધી. અભયકુમારને મળ્યો. પરસ્પર બહુ પ્રેમ થયો. પછી એક વાર સ્ખલના થઇ પણ તેથી વિશુદ્ધ થઇ ચારિત્ર પાળી ઉગ્ર તપ કરી પ્રાંતે કેવળજ્ઞાન પામીને પાંચસો મુનિ સાથે મોક્ષે ગયા.

આ બધા સત્સંગતિનાં ફળ છે, તેથી પિતાની ખાસ ફરજ એ છે કે-પુત્રને સત્પુરૂષ સાથે જોડી દેય, તેની સોબત કરાવે, એ પ્રમાણે થવા તે ઋદ્ધિ, રમણી, યશકિર્તિ પામે છે ને આનંદ કરે છે. ઋષભદાસજી કહે છે કે-'આ હિતશિક્ષા તે માણસજ સાંભળશે કે જેને નિદ્રા થોડી હશે અને હાંસી તથા વિકથાનો કરનારો નહીં હોય, તેમજ અભિમાનને દૂર કર્યું હશે. જેઓ ઈર્ષ્યા, માન વિગેરે તજી દઇને આવી હિતશિક્ષા સાંભળે છે, તેનામાં અવશ્ય ચતુરાઇ આવે છે અને તેનું પરિણામે બહુ હિત થાય છે.'

હવે પુત્રને યોગ્ય વયે પરણાવે ત્યારે સરખા રૂપરંગવાળી, સરખી વયની, સરખા કુળની કન્યા જુએ. જો એ બધાં વાનાં સરખાં હોય છે તોજ જોડું સુખી થાય છે અને જો અણમળતાં હોય છે તો વિડંબના થાય છે. પ્રકૃતિ પણ બન્નેની મળે છે તોજ પરસ્પર મન મળે છે ને આનંદ થાય છે, નહિ તો બંને વ્યભિચારમાં પડી આબરૂ ગુમાવે છે ને શરીરને પણ પાયમાલ કરે છે. સ્ત્રી પુરૂષની અણમળતી જોડ હોય તેની કેવી સ્થિતિ થાય છે તે ઉપર એક દૃષ્ટાંત કહે છેઃ-

ધારાનગરીમાં ભોજરાજા રાજ્ય કરતો હતો, તે બહુ ન્યાયી હોવાથી તેની બધી પ્રજા આનંદ કરતી હતી. તે નગરીમાં એક ચોર હતો. તે રોજ રાત્રે ખાતર દઇને ચોરી કરતો હતો. એક દિવસ એક ઘરમાં ખાતર પાડીને અંદર પેઠો. તે ઘરમાં સ્ત્રી ભર્ત્તાર બંને વઢે છે, કોઇ કોઈનું વચન સાંખતા નથી. પુરૂષ કહે છે કે-' રે ભુંડી! તું આ ઘરમાંથી ચાલી જા તો મને સુખ થાય.' સ્ત્રી કહે છે કે-'ભુંડી તારી મા, મને ભુંડી શેની કહે છે ?' પુરૂષ કહે છે કે 'તું બોલે છે ત્યારે બરાબર ડાકણ જેવી લાગે છે.' સ્ત્રી કહે-' ડાકણ શેની, હજી તને તો ખાધો નથી ?' પુરૂષ-' અરે શંખણી ! આવું શું બોલે છે ?' સ્ત્રી-' શંખણી તારી જણનારી.' પુરૂષ-' અરે સાપણ ! સામી ગાળ કેમ દે છે ?' સ્ત્રી-' તારાથી સાપે સારા હોય છે.' પુરૂષ-' રાંડ ! બોલતી બંધ થા, નહીં તો માથામાં મૂશળું મારીશ.' સ્ત્રી-' તો હું પાટલે પાટલે તારૂં માથું ફોડી નાખીશ.' આમ બોલવાથી પુરૂષને કાળ ચડ્યો તે સ્ત્રીને ચોટલાવડે પકડી એટલે સ્ત્રીએ હાથ ઉપર વટચકું ભર્યું, તેથી હાથ છુટી ગયો. આ પ્ર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માણે વઢતાં વઢતાં થાકયા ત્યારે પુરૂષ છેટે જઈને ભોંયપર સુઈ ગયો. સ્ત્રી મોટા ઘરની દીકરી હતી પણ કર્મે કદરૂપી હતી, તે ઢોલીઆપર ચડીને સુઈ ગઇ. પછી બન્ને ઉંઘમાં ઘોરવા લાગ્યા.

આ બધું જોઇને ચોરે વિચાર્યું કે–' આ તો પરમ દુઃખી છે, તેથી આના ઘરમાંથી તો કાંઈ લેવું નહીં.' આમ વિચારી ત્યાંથી નીકળી જઈ બીજે ઘરે ખાતર દીધું. તે ઘર ગણિકાનું જણાયું. તે ઘરની માલેક ગણિકા એક કોઢીઆ સાથે અનેક પ્રકારની ક્રિડા કરે છે ને મધુરાં વચન બોલે છે. તે જોઈ ચોરે વિચાર્યું કે–' આનું કોણ લેય ? આ દ્રવ્યને માટે પોતાના શરીરને પણ ખરાબ કરે છે.'

ત્યાંથી આગળ ચાલી ત્રીજે ઘરે ખાતર દીધું. તે ઘર બ્રાહ્મણનું હતું. ચોર અંદર પેઠો, તેવામાં એક ઉંદર ઉંઘતા બ્રાહ્મણની હથેળીમાં મૂતર્યો, એટલે બ્રાહ્મણે **સ્વસ્તિ** કીધી. ચોરે વિચાર્યું કે–'આવા લોભીનું કોણ લેય ? કારણકેઆનું દ્રવ્ય જશે તો તે મરવા પડશે. આ બીજાના અછતા ગુણ બોલીને દ્રવ્ય ભેગું કરે છે, મહાકૃપણને દાતાર કહે છે અને અસતીને મહાસતી કહે છે, નિર્ગુણીને ગુણવાન કહે છે અને કાયરને શૂરવીર કહે છે, દાસીપુત્રને કુળવંત કહે છે, અને ભરડાને ભગવંત કહે છે. પૂરા સોમ( કૃપણ )ને કરણ કહે છે અને અંધને સૂર્યની ઉપમા આપે છે. રંકને રાજા કહે છે અને મૂર્ખને પંડિત કહે છે. આ પ્રમાણે કહી જેનું તેનું જેવું તેવું દાન મેળવી દુર્ભર પેટ ભરે છે. આવા યાચકનું દ્રવ્ય તો પાપીજ લે છે, માટે આનું તો કાંઇ ન લેવું, મને પરમેશ્વર ઘણું આપશે.'

આ પ્રમાણે વિચારી ત્યાંથી નીકળી જઈ ચોથે ઘેર ખાતર દીધું. ત્યાં પણ સ્ત્રી પુરૂષ બે વઢતા હતા. તેમાં પુરૂષ મોટા શ્રીમંતનો દીકરો હતો પણ કુરૂપ, કૃપણ ને અવગુણનો ભરેલો હતો, તેમજ લક્ષણહીન હતો. તેની સ્ત્રી સામાન્ય માણસની પુત્રી હતી, પણ રૂપવંતી હતી ને ભલી હતી તેમજ સદ્ગુણી હતી. એ બન્ને પણ વઢીને થાકયા એટલે સ્ત્રી ભોંયપર જઇને સુતી અને પેલા ભાઇ ઢોલીઆ પર ચડીને સુઇ ગયા. એ બન્ને પણ થાકેલા હોવાથી ઉંઘમાં ઘોરવા લાગ્યાં.

હવે ચોર વિચારે છે કે–' આ બન્ને જોડ મેળવવામાં વિધાતાએ ભૂલ કરી છે, પણ મારે એ ભૂલ ભાંગી નાખવી. વિધાતાએ રૂપવંત ને સુંવાળા ધણીને વઢકણી સ્ત્રી આપી છે અને સુંદર સ્ત્રીને ભુંડો ભર્ત્તાર આપ્યો છે. હું દરરોજ મારે માટે ચોરી કરી દામ મેળવું છે, પણ આજ તો પરમાર્થ કરૂં. આ સ્ત્રીને પેલા ભલા ભર્ત્તાર પાસે મૂકું અને ત્યાંથી વઢકણી સ્ત્રીને લાવીને અહીં મૂકું.' આ પ્રમાણે વિચાર કરી બન્ને સ્ત્રીઓ પૂરી ઉંઘમાં હતી તેવે વખતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગયા અંકમાં એક શ્રાવિકાએ કરેલા પ્રશ્નનો ઉત્તર.

**શ્રી સેનપ્રશ્ન**માં બીજા ઉલ્લાસમાં ૩૧ મો **પ્રશ્ન** એવો છે કે–" છ મહિનાથી વધારે વયવાળા સ્તનપાન કરનારા બાળકની માતા સામાયિક પ્રતિક્રમણ કે પૌષધમાં તેનો સંઘટ્ટ કરી શકે કે નહીં ?" **ઉત્તર**—" છ મહિનાથી વધારે વયવાળા સ્તનપાન કરનારા બાળકનો સંઘટ્ટ થતે સતે સામાયિક પ્રતિક્રમણાદિ વિધાન તેની માતાને કરવાનું મુખ્ય વૃત્તિએ યુક્તિવાળું (યોગ્ય) જણાતું નથી."

આની અંદર બાળક પુત્ર હોય કે પુત્રી તે સ્પષ્ટ કરેલ ન હોવાથી બંને પ્રકારનું સંભવે છે, અને તે છ મહિનાનું થતા સુધી તો તેનો સંઘટ્ટ વર્જ્ય કહ્યો નથી. ત્યારપછીને માટે પણ મુખ્યવૃત્તિએ નિષેધ કર્યો છે, એટલે તે બાળકને સમજાવી બને ત્યાં સુધી કોઇને સોંપીને સામાયિક પ્રતિક્રમણાદિ કરવું યોગ્ય છે; પરંતુ જો તે બાળકે ધાવણ છોડયું ન હોય, કોઈ રીતે બીજાને ધાવીને કે દુધ પીઇને રહે તેમ નજ હોય તો ગૌણવૃત્તિએ તેના સ્તનપાન કરાવવા પૂરતાજ સંઘટ્ટના કારણથી સામાયિક પ્રતિક્રમણ કે પૌષધ ન કરવા એ યોગ્ય જણાતું નથી: કારણ કે તે બાળક કાંઈ અન્ય વિકાર ઉત્પન્ન કરે તેમ નથી, માત્ર મોહનું સાધન છે, તે દૂર કરવાની આવશ્યકતાને લઇને ઉપરનું કથન છે. પરંતુ વ્રતધારી શ્રાવિકાને–પૌષધાદિક કરવાના નિયમવાળી શ્રાવિકાને તે કારણથી પૌષધાદિ ન કરવા એ યોગ્ય જણાતું નથી. આ બાબતમાં વિદ્વાન મુનિમહારાજાઓએ પોતાનો વિચાર જણાવવા કૃપા કરવી.

## वर्त्तमान समाचार.

### ભાવનગરમાં મહોચ્છવ.

પંન્યાસજી શ્રી ગંભીરવિજયજી મહારાજના શિષ્ય મુનિ પ્રમોદવિજયજીએ જેઠ વદિ ૪ થી નવકાર મહામંત્ર સંબંધી તપ તેના અક્ષર સમાન ૬૮ ઉપવાસનો શરૂ કર્યો છે. નવકારના નવ પદ પૈકી પ્રત્યેક પદના અક્ષર જેટલા ઉપવાસ ને પારણું એમ અવિચ્છિન્નપણે કરે છે. છેલું પારણું ભાદ્રપદ શુદિ ૬ ઠે કરવાના છે. ક્ષમા સાથે તેમજ જ્ઞાનાભ્યાસ સાથે તપ કરતા હોવાથી બહુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શોભા આપે છે. એ પ્રસંગે શ્રી ભાવનગરના સંઘે શ્રી શત્રુંજયની રચનામાં પ્રભુ પધરાવીને શ્રાવણ શુદિ ૧૫ થી અઠ્ઠાઇ મહોચ્છવ શરૂ કર્યો હતો તે વદિ સાતમે પૂર્ણ થયો છે. જળયાત્રાનો વરઘોડો વદિ ૬ ઠે ચડાવવામાં આવ્યો હતો. તપસ્વી મુનિરાજને **શરીરે સારી રીતે** સાતા રહી છે.

## ઉમરાળા પાંજરાપોળ લોટરીનું પહેલું

## ડ્રોઇંગ–ટીકીટ ૩૯૫૦૦ નું

શ્રાવણ વદિ ૭ મે તથા વદિ ૮ મે ભાવનગર ખાતે કાઢવામાં આવ્યું છે. ઇનામ રૂા. ૧૫૦૦૦) ના ૩૧૦૨ કાઢ્યા છે. ઘણા મોટા ઇનામો ગરીબ સ્થિતિવાળાનેજ મળ્યા છે. તેનો **નામ ને નંબર** સાથેનો રિપોર્ટ છપાય છે.

## શ્રી શમી ગામમાં થયેલ તપસ્યાઓ.

ઉત્તમ મુનિમહારાજના ચતુર્માસ રહેવાથી શ્રાવક શ્રાવિકાવર્ગને જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપાદિકને અંગે અનેક પ્રકારના લાભ થાય છે. વ્યાખ્યાન વાણી સંભળાય છે. જ્ઞાનાભ્યાસ થાય છે, મહોત્સવો થાય છે, પૌષધ પ્રતિક્રમણાદિ વિશેષે થાય છે અને તપસ્યાઓ પણ સુવિશેષપણે થાય છે. રાધણપુર નજીક આવેલાં **શમી** નામના ગામમાં પંન્યાસજી શ્રી ભક્તિવિજયજી ચતુર્માસ રહેલા છે. તેમના ઉપદેશથી ત્યાંના શ્રાવક શ્રાવિકાઓને અનેક પ્રકારના લાભ થયા છે. તપસ્યા પણ બહુ થઇ છે. હાલ પર્યુષણને અંગે નીચે પ્રમાણે તપસ્યા થઇ છે.

૧૨ માસખમણ, ૧ એકવીશ ઉપવાસ, ૪ પંદર ઉપવાસ, ૩૪ સોળ ઉપવાસ (અઠ્ઠાઈ વગેરે હવે થશે.)

મુનિવિહારનો આવો અપ્રતિમ લાભ જાણી મુનિ મહારાજાએ વિહારમાં ઉદ્યુક્ત રહેવું અને શ્રાવકોએ પ્રયાસ કરીને ચતુર્માસ કરવા લઇ આવવાની ચીવટ રાખવી.

# पुस्तकोनी पहोंच.

## ૧ સુમતિ સ્તવન સંગ્રહ.

આ બુકમાં શ્રી વિજયાનંદ સૂરીશ્વરજીના શિષ્ય મુનિરાજશ્રી સુમતિવિજયજીના કરેલા સ્તવનાદિકનો સંગ્રહ છે. એકંદર ૧૪૪ છે. તેમાં શ્રી પાર્શ્વનાથજીના સ્તવનો પદો મળીને ૩૩ છે. વાંચવા ને કંઠે કરવા લાયક છે. પ્રભુ પાસે કહેતાં આનંદ ઉપજે તેવા છે. એ બુક શ્રી આત્માનંદ જૈન સભા. અંબાલા તરફથી બહાર પડેલ છે. કિંમત છ આના રાખેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૨ શ્રી આત્માનંદ જૈન શિક્ષાવળી.

આ બુક માસ્તર બાગમલશર્માએ લખેલી છે અને શ્રી આત્માનંદ જૈન પાઠશાળા અંબાલા તરફથી બહાર પડેલ છે. ભાષા હિંદી છે. એની અંદર નીતિશિક્ષા વિભાગ, સામાન્યજ્ઞાન વિભાગ, સૂત્ર વિભાગ અને કાવ્ય વિભાગ એમ ૪ વિભાગ રાખેલ છે. કુલ ૫૦ પાઠ છે. પ્રયાસ બહુ વિશેષ કર્યો છે. બુકમાં મુનિરાજ, પ્રભુના, સિદ્ધચક્રના એમ એકંદર ૮ ફોટા છે. કિંમત માત્ર ૪ આના રાખેલ છે.

## ૩ દંડક પ્રકરણ. હિંદી અર્થ સહિત.

આ બુક શ્રી આત્માનંદ જૈન પુસ્તક પ્રચારક મંડળ, આગ્રા તરફથી છપાઇને બહાર પડેલી છે. પંડિતજી સુખલાલજીએ તૈયાર કરી છે. પ્રારંભમાં નિવેદન અને પછી ૨૪ દંડકનું અને ૨૪ દ્વારનું સ્વરૂપ બહુ વિસ્તારથી આપેલ છે. પછી ૨૪ દંડકો સાથે દ્વારોની યોજના પણ લખેલી છે. છેવટે એ પ્રકરણની મૂળ ગાથા સંસ્કૃત છાયા અને હિંદી શબ્દાર્થ સાથે આપેલી છે. પ્રકરણના અભ્યાસીને બહુજ ઉપયોગી છે. પ્રયાસ સ્તુત્ય છે. કિંમત પાંચ આના છે.

## ૪ જૈન ધર્મના વિષયમાં અજૈનવિદ્વાનોની સંમતિઓ.

આ સંગ્રહ જૈન ધર્મની મહત્વતા બતાવવાને માટે બહુજ ઉપયોગી છે. ભાષા હિંદી છે. ખાસ વાંચવા વંચાવવા લાયક છે. મુન્શી કેસરીમલ મોતીલાલ રાંકા. બીયાવરવાળાએ સંગ્રહ કરીને પ્રકાશિત કરેલ છે. કિંમત છ પાઇ રાખી છે. પણ તેની વાસ્તવિક કિંમત બહુ વિશેષ છે. મંગાવનારે બીયાવર ઠે. અર્જી નવીસ કરીને પત્ર લખવો.

## ૫ ચોથો કર્મગ્રંથ-હિંદી અનુવાદ સહિત.

આ કર્મગ્રંથમાં પંડિતજી સુખલાલજીએ ઘણો પ્રયાસ કર્યો છે. અનેક બાબતો સ્ફુટ કરીને સમજાવી છે, અનેક શાસ્ત્રોનો આધાર લીધેલો છે. તેના નામ પણ આપ્યા છે. અનુવાદ ઉપરાંત ટીકા, ટીપ્પની તેમજ ત્રણે અધિકારોમાં પરિશિષ્ટો આપ્યા છે. તે ખાસ વાંચવા ને સમજવા લાયક છે. પ્રસ્તાવના બહુજ વિસ્તારથી પૃષ્ટ ૫૬માં લખી છે. પ્રાંતે આની અંદર આવેલા પ્રાકૃત શબ્દોનો કોષ હિંદી અર્થ ને સંસ્કૃત શબ્દાંતર સાથે આપેલ છે. કિંમત બે રૂપીઆ રાખેલ છે, તે પ્રયાસના પ્રમાણમાં વિશેષ નથી. પ્રકાશક શ્રી આત્માનંદ જૈન પુસ્તક પ્રચારક મંડળ. આગ્રા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ. મૂળ. ભાગ ૪ થો. સ્થંભ ૧૯થી૨૪.

### કિંમત ત્રણ રૂપીઆ.

આ ભાગ હાલમાં બહાર પડ્યો છે. એમાં એ ગ્રંથ પૂર્ણ થયો છે, એની અંદર સહાય બીલકુલ મળેલી નથી; છતાં અનેક સંસ્થાઓને તેમજ મુનિમહારાજને અને સાધ્વીજીને ભેટ અપાયેલ છે. જે મંગાવે તે સર્વને ભેટ આપવાનું બની શકતું નથી, તેથી કેટલાક મુનિરાજને ખોટું લાગવા જેવું થાય છે, પણ અમે નિરૂપાય છીએ. લાઈફ મેમ્બરનો કિંમતમાં એક રૂપીઓ ઓછો લેવામાં આવે છે. પોસ્ટેજ આઠ આના લાગે છે. બહુજ ઉપયોગી છે.

## શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતરના દશે પર્વ મળી શકે છે.

### દરેક જૈન બંધુએ રાખવા લાયક છે.

| | |
|---|---|
| વિભાગ ૧ લો. પર્વ ૧–૨ શ્રી ઋષભદેવ–અજિતનાથ ચરિત્ર. | ૩–૪–૦ |
| વિભાગ ૨ જો. પર્વ ૩ થી ૬ શ્રી સંભવનાથજીથી મુનિસુવ્રતસ્વામી સુધીના ચરિત્રો. | ૨–૪–૦ |
| વિભાગ ૩ જો. પર્વ ૭–૮–૯ જૈન રામાયણ અને ૨૧–૨૨–૨૩ મા પ્રભુના ચરિત્રો. | ૪–૦–૦ |
| વિભાગ ૪ થો. પર્વ ૧૦ મું. શ્રી મહાવીરસ્વામી ચરિત્ર. | ૨–૮–૦ |

ચારે વિભાગ સાથે મંગાવનાર પાસેથી રૂ. ૧૧) લેવામાં આવશે.

પરિશિષ્ટ પર્વ ભાષાંતર પણ આના સંબંધવાળુંજ છે. તેમાં શ્રી જંબૂસ્વામીનું ચરિત્ર ૧૯ કથાઓ સાથે અને બીજા આચાર્યોનાં ચરિત્રો છે. ૧–૮–૦

## શ્રી પ્રિયંકર નૃપ ચરિત્ર ભાષાંતર.

આ શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રના પ્રભાવ ઉપર આપેલું ચરિત્ર છે. તેની આ બીજી આવૃત્તિ છે. બહુ રસિક છે. વાંચવા માંડ્યા પછી પૂરૂં કર્યા શિવાય મૂકાય તેમ નથી. પ્રાંત ભાગમાં વધારે ગાથાના ઉવસગ્ગહરં આપેલા છે. કિંમત છ આના રાખેલ છે. પોસ્ટેજ ૦–૧–૬

## શ્રી પાક્ષિક સૂત્ર, શ્રમણ સૂત્રાદિ સંગ્રહ.

### (સંસ્કૃત છાયા ને ગુજરાતી અર્થ સહિત.)

આ પ્રતાકારે બહાર પાડેલ બહુ ઉપયોગી પુસ્તક છે. ગુરૂણીજી લાભશ્રીજીનો એમાં ઘણો પ્રયાસ છે ને શ્રાવિકાસમુદાયની આર્થિક સહાય છે. સાધુ સાધ્વીને બહુજ ઉપયોગી છે. અર્થ ટીકાને આધારે વિસ્તારથી આપવામાં આવેલ છે. ચાર પાક્ષિક ખામણા ને આહારના ૪૭ દોષ પણ આપેલ છે. કિંમત રાખવામાં આવી નથી. સમુદાયના અગ્રણીના પત્રથી જરૂર પૂરતી ભેટ મોકલાય છે. પોસ્ટેજ ચાર આના લાગે છે તે મંગાવનારે શ્રાવકદ્વારા મોકલવું પડે છે. આ બાબત પત્ર ગુરૂણીજી શ્રી લાભશ્રીજી ઉપર ગોઘાપુરી બજારમાં શ્રાવિકાને ઉપાશ્રયે. ભાવનગર–કરીને લખવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## બહાર પડી ચુકયો છે

## कमलसंयमीटीका युक्त.

### उत्तराध्ययन सूत्र. प्रथम भाग.

[illegible] અપ્રસિદ્ધ આ ટીકા ઘણીજ સુંદર અને વિદ્વાન તથા સમાન્ય અભ્યાસી તમામને માટે ઉપયોગી છે. ઉંચી જાતના ગ્લેજ સીત્તેર રતલી કાગળ ઉપર નિર્ણયસાગર પ્રેસમાં છપાવવામાં આવેલ છે. આવો મહાન્ ગ્રંથ ફરી છપાવી શકાતો નથી. પહેલા ભાગની કિંમત માત્ર રૂા. ૩–૮–૦ રાખવામાં આવી છે. ઉપજની તમામ રકમ જ્ઞાનકાર્યમાંજ વપરાશે માટે તાકીદે મંગાવો.

શ્રી વિજય ધર્મ લક્ષ્મી જ્ઞાનમંદિર.
ઠે૦ બેલનગંજ. આગરા. AGRA CITY.

## પ્રતિક્રમણના હેતુ.

**આવૃત્તિ બીજી.** **કિંમત આઠ આના.**

પ્રતિક્રમણ કરનારા દરેક બંધુઓએ–શ્રાવકોએ તેમજ શ્રાવિકાઓએ ખાસ વાંચવા લાયક છે. તે વાંચ્યા પછી પ્રતિક્રમણ કરતાં જુદોજ ભાવ પ્રગટ થાય છે. પ્રતિક્રમણની અંદરનાં સૂત્રોના અર્થ જાણનારને આ બુક વાંચતાં બહુ આલ્હાદ થાય તેમ છે. આવી ઉપયોગી બુક સાધુસાધ્વીઓએ પણ જેઓ એ ગ્રંથ વાંચી ન શકે તેમણે વાંચવા યોગ્ય છે. પોસ્ટેજ એક આનો.

## શ્રી ઉમરાળા પાંજરાપોળ લોટરી.

### હેડ ઓફીસ—ભાવનગર.

### સ્વાર્થ સાથે પરમાર્થ સાધો.

સં૦ ભાવનગરની નામદાર કાઉન્સીલ ઓફ એડમીનીસ્ટ્રેશનની ખાસ પરવાનગીથી બીજું ડ્રોઈંગ તા.–૧–૧–૨૪ ના રોજ નીકળશે. ટીકીટ ૧૨૫૫૦. એક ટીકીટની (કિંમત રૂ ૧) ઇનામોના સંખ્યા વિગેરે હવે પછી નક્કી થશે.

**ભાગ્ય અજમાવવાની આ સુંદર તકનો લાભ લ્યો.**

---

## વાર્ત્તાના રસિયા માટે નાના નાના ચરિત્રો.

| | | | |
|---|---|---|---|
| ૧ જય વિજય કથા. | ૦–૩–૦ | ૨ કળાવતી વિગેરેની કથા. | ૦–૩–૦ |
| ૩ શુકરાજ ચરિત્ર. | ૦–૪–૦ | ૪ સરસ્વતી વિગેરેની કથા. | ૦–૪–૦ |
| ૫ સુરપાળ વિગેરેની કથા. | ૦–૩–૦ | ૬ યશોધર ચરિત્ર. | ૦–૬–૦ |
| ૭ બાર વ્રત ઉપર ૧૨ કથા. | ૦–૪–૦ | ૮ છ મોટી કથા. | ૦–૩–૦ |
| ૯ તેર કાઠીયાની કથા. | ૦–૩–૦ | ૧૦ ચંપક શ્રેષ્ઠી ચરિત્ર. | ૦–૩–૦ |
| ૧૧ રતિસાર ચરિત્ર. | ૦–૩–૦ | ૧૨ વત્સરાજ ચરિત્ર. | ૦–૩–૦ |
| ૧૩ નળ દમયંતી ચરિત્ર. | ૦–૩–૦ | ૧૪ સ્થૂળભદ્ર ચરિત્ર. | ૦–૩–૦ |
| ૧૫ સુરસુંદરી ચરિત્ર. | ૦–૩–૦ | ૧૬ ભુવનભાનુ કેવળી ચરિત્ર. | ૦–૬–૦ |

૧૬ ચરિત્રો એક સાથે લેનારના રૂા. ૩) લેવામાં આવશે.


For Private And Personal Use Only